તમે યોગમાર્ગમાં એક વખત પ્રવેશ કરી લો તે પછી તમારે બધા ભયને તજી દેવાના રહે છે, - તમારા મનના ભય, તમારા પ્રાણના ભય, અને તમારા શરીરના ભય, શરીરના ઠેઠ અણુઓની અંદર વસતા ભય. જેને રૂપાંતરની ઈચ્છા હોય અને જે સાધના શરૂ કરે છે તેણે સંપૂર્ણપણે રજેરજ નીડર થઈ જવાનું રહે છે, તેની પ્રકૃતિના કોઈ પણ ભાગમાં કોઈ પણ વસ્તુ આવી તેને અસર કરી જાય કે હચમચાવી નાખે તેમ થવા દેવું ન જોઈએ.

શ્રી માતાજી

અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

અખિલ ભારત પત્રિકા

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ફેબ્રુઆરી-૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૦૫ સળંગ અંક ૩૯૧

‘સાવિત્રી’ માંથી કંડિકાઓ

Only were safe who kept god in their hearts :
courage their armour, faith their sword, they must walk,
The hand ready to smite, the eye to scout,
Casting a javelin regard in front,
Heroes and soldiers of the army of Light.

Savitri II. VII. **- Sri Aurobindo**

પ્રભુને હૃદયે રાખી રહેલાઓ જ એકલા
સુરક્ષિત હતા તહીં :
કવચે વીરતાકેરા ને શ્રદ્ધાની સમશેરે સજાયલા
રહીને ત્યાં તેમને ચાલવું પડે,
પ્રહાર કરવા હસ્ત સજ્જ રાખીને આંખો શત્રુ શોધતી,
ભાલા જેવી દૃષ્ટિ આગળ નાખતા
વીરો ને લડવૈયાઓ જ્યોતિના સૈન્યના જતા.

‘સાવિત્રી’ ૨,૭ **– શ્રી અરવિન્દ – અનુ. શ્રી પૂજાલાલ**

શ્રી અરવિન્દ ની છબી

અનુક્રમ

પ્રભુ તમારી સાથે છે ૫

વિભાગ - ૧

ભય - પ્રથમ વિઘ્ન ૭

માણસે ભય શા માટે રાખવો ? ૮

ભય - એનું કારણ શું ? ૯

ભય - એનું નિવારણ ૧૪

સરળ ઉપાય ૧૮

સાચા મનોવલણની શક્તિ ૧૯

વિભાગ - ૨

યોગ અને ભય એક સાથે સંભવી શકે નહિ ૨૩

માંદગી અને ડર ૨૬

પ્રાણમય સૃષ્ટિ અને ઓથાર ૩૦

કેળવણી આપતી વખતે ભયનો ઉપયોગ ૩૨

મૃત્યુનો ભય અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનાં ચાર સાધનો ૩૩

ભગવાનનો તેમ જ પાપનો ડર ૪૨

❀

ઉપસંહાર ૪૫

❀

વૃત્ત વિશેષ ૪૬

પ્રભુ તમારી સાથે છે

હું તમારી સાથે છું, કારણ કે હું તે તમે છો અને તમે તે હું છું.

હું તમારી સાથે છું તે ઘણી બધી વસ્તુઓ સૂચવે છે, કારણ કે હું તમારી સાથે બધા જ સ્તરો ઉપર, બધી ભૂમિકાઓ ઉપર, છેક પરમ ચેતનાથી માંડીને મારી સૌથી સ્થૂલ ચેતના સુધી તમારી સાથે જ છું. અહીં પોંડિચેરીમાં તમે મારી ચેતનાનો અનુભવ કર્યા સિવાય શ્વાસોચ્છ્વાસ લઈ શકો નહિ.

ઘણા લાંબા સમય પહેલાંથી શ્રી અરવિન્દે આ વસ્તુ યાદ રાખવા માટે આશ્રમમાં દરેક જગાએ મુકાવેલી છે. ''કાયમ એવી રીતે વર્તો, જાણે કે શ્રી માતાજી તમારી સામે જોઈ રહ્યાં છે, કારણ કે તેઓ ખરેખર કાયમ હાજર હોય છે.''

આ ફક્ત એક શબ્દસમૂહ અથવા સાદા શબ્દો નથી, એ એક હકીકત છે. હું તમારી સાથે એક સઘન રીતે હાજર છું અને જેમનામાં સૂક્ષ્મ દર્શન ની દૃષ્ટિ હોય તેઓ મને જોઈ શકે છે.

પરંતુ તે સિવાય પણ તમારી અને મારી વચ્ચે એક અંગત વિશિષ્ટ સંબંધ છે. જે જે માણસો શ્રી અરવિન્દના શિક્ષણ તરફ અને મારા તરફ વળેલા છે તે બધાની વચ્ચે - અને, તે બરાબર સમજાય તેવું છે કે અહીં અંતર ગણવામાં આવતું નથી, તમે ફ્રાન્સમાં હોઈ શકો છો, તમે પૃથ્વીના છેડા ઉપર હોઈ શકો છો અથવા પોંડિચેરીમાં, આ સંબંધ કાયમ સાચો અને જીવંત હોય છે. અને જ્યારે દરેક વખતે કોઈ પુકાર આવે છે અને દરેક વખતે મારે તેને જાણવાની જરૂર હોય છે, જેથી કરીને હું એક શક્તિ મોકલી શકું, એક પ્રેરણા, એક રક્ષણ અથવા બીજી કોઈ પણ વસ્તુ, ત્યારે ઓચિંતા મારી પાસે એક પ્રકારનો સંદેશ આવી જાય છે અને જે જરૂરી હોય તે હું કરું છું.

તમારી વ્યક્તિગત ચેતના એક ગળણી જેવી, એક દર્શક જેવી હોય છે જો હું તે પ્રમાણે કહી શકું તો : તે એક પસંદગી કરે છે અને દિવ્ય શક્યતાઓની અનંતતાની એક શક્યતા નક્કી કરે છે. વાસ્તવિક રીતે, પ્રભુ

દરેક વ્યક્તિને તે તેમની પાસે જે પ્રકારની માગણી કરે છે તે પ્રમાણે જ બરાબર આપે છે. જો તમે એમ માનો કે પ્રભુ તમારાથી દૂર દૂર છે અને તે ઘાતકી છે, તો તે તમારાથી દૂર દૂર અને ઘાતકી જ રહેશે, કારણ કે તમારા અંતિમ શુભને માટે એ જરૂરી હશે કે પ્રભુનો ક્રોધ તમે અનુભવો; કાલીના પૂજકો માટે તે કાલી હશે અને ભક્તને માટે તે પરમાનંદ હશે. જ્ઞાનની શોધ કરનાર માટે તે સર્વજ્ઞ હશે, માયાવાદી માટે તે અવૈયક્તિક પરમ તત્ત્વ હશે; નાસ્તિક માટે તે નાસ્તિક હશે અને પ્રેમી માટે પ્રેમ હશે. શ્રદ્ધાવાન સાથે કાયમ તે ભ્રાતૃભાવવાળો નજીકનો મિત્ર હશે અને તેને મદદ કરવા માટે તે તૈયાર હશે, જેઓ તેને આંતરિક માર્ગદર્શક તરીકે દરેક ગતિમાં અને દરેક ક્ષણે અનુભવ કરશે - અને જો તમે એવી માન્યતા રાખશો કે તે બધી વસ્તુઓને ભૂંસી નાખી શકે છે, તો તે તમારા બધા દોષોને, તમારી બધી ભૂલોને અથાક રીતે ભૂંસ્યા જ કરશે અને તમે તેની અનંત કૃપાનો દરેક ક્ષણે અનુભવ કરી શકશો. તમારી ઊંડામાં ઊંડી અભીપ્સામાં તમે પ્રભુ વિશે જે ધારશો તે ખરેખર તે હશે.

તમારી અભીપ્સા પ્રમાણે પ્રભુ તમારી સાથે હોય છે. સ્વાભાવિક રીતે જ તેનો અર્થ એવો નથી કે તમારી બાહ્ય પ્રકૃતિની ધૂનો અનુસાર તે નીચો નમે છે. અહીં હું તમારા સ્વરૂપના સત્યની જ વાત કહું છું અને તેમ છતાં કેટલીક વખત બાહ્ય અભીપ્સા અનુસાર તે પોતાની જાતને બનાવે છે. અને જો ભક્તની માફક, તમે વારાફરતી વિરહ અને મિલનમાં તીવ્ર આનંદ અને નિરાશામાં જીવો તો પ્રભુ પણ તમારાથી છૂટો પડશે અને તમારી સાથે મિલન કરશે. તમે જે રીતે માનો તે પ્રમાણે; આ રીતે તમારું વલણ ઘણું અગત્યનું છે, તમારું બાહ્ય વલણ. પણ લોકોને ખબર નથી કે શ્રદ્ધા કેટલી અગત્યની છે, શ્રદ્ધા કેવો ચમત્કાર છે. તે કેવા ચમત્કારોનું સર્જન કરી શકે છે. જો તમે દરેક ક્ષણે એવી ધારણા રાખો કે તમને ઉપર ઊંચકી લેવામાં આવે છે અને પ્રભુ પ્રત્યે ખેંચી જવામાં આવે છે તો, તે તમને ઊંચકવા માટે આવશે અને તે ત્યાં જ હશે, બિલકુલ તમારી નજીક, વધારે નજીક, કાયમ નજીક અને નજીક.

* * *

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ, ૧૩ પૃ. ૫૦ થી ૫૪)

ભય - પ્રથમ વિઘ્ન

પરંતુ એવા લોકોને પણ, જે લોકોનું ભાવિ ચોક્કસ અને નક્કી થઈ ગયું હોય છે તેવાઓને પણ, કોઈ એક વસ્તુની સામે તો એક ભયંકર અને જિદ્દી જંગ ખેલવાનો રહે જ છે. એ વસ્તુ છે ભય, જીવનમાં શું બનશે એનો ડર. આ ભય આપણે શ્વાસ લેતા હોઈએ છીએ તેની સાથે સાથે જ આપણામાં દાખલ થઈ જતો લાગે છે. એ ભય સાવ સમજણ વિનાનો હોય છે. કારણ કે છેવટે જુઓ તો જગતમાં દરેક માણસનું ભાવિ એકસરખું જ રહેલું છે. માણસ જન્મે છે, જીવે છે - વત્તી ઓછી સારી રીતે-ને પછી મરી જાય છે. અને પછી વળી થોડી ઘણી રાહ જોઈ લઈને ફરી વાર પાછો જન્મ લેવો, ફરી વાર પાછું જીવવું-વત્તી ઓછી સારી રીતે - અને વળી પાછું મરણ પામવું, અને એમ તમે આ બધાથી ધરાઈ જવાને માટે તૈયાર ન થાઓ ત્યાં સુધી આ બધું અનંત કાળ લગી ચાલ્યા જ કરે છે.

અને આ ભય શાનો હોય છે ? ચાલુ ચીલામાંથી બહાર નીકળી જવાનો ? મુક્ત થઈ જવાનો ? વધારે વાર કેદમાં નહિ રહેવાનો ?

ભય એ અશુદ્ધિ છે, મોટામાં મોટી અશુદ્ધિઓ - જે અશુદ્ધિઓ ઈશ્વર - વિરોધી શક્તિઓમાંથી આવતી હોય છે અને એ ઈશ્વર વિરોધી શક્તિઓ પૃથ્વી પરના ઈશ્વરના કાર્યનો વિનાશ કરવા માગતી હોય છે - માંની એક અશુદ્ધિ છે. અને માટે જે જે લોકો ખરેખર યોગ કરવા માગે છે એવા લોકોની પ્રથમ ફરજ એ બની રહે છે કે તેઓએ પોતાની સંપૂર્ણ શક્તિમત્તા વડે, સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક, ધીરજપૂર્વક પોતાની ચેતનામાંથી આ ભયના પડછાયા માત્રને દૂર કરી દેવો. માર્ગ પર વિચરણ કરવા માટે સાધકે દૃઢ નિશ્ચયી, તથા નીડર બનવું જોઈએ અને ક્ષુદ્ર, અશક્ત, ને દુષ્ટ એવા ભયને આધીન ન જ થવું જોઈએ.

શ્રી માતાજી

(CWM - Vol-10 PP 11-12, Vol-8 P-261)

માણસે ભય શા માટે રાખવો ?

હા, ભય કાલ્પનિક ત્રાસનું સર્જન કરે છે - અને માની લો કે ખરેખર સંકટ ખડું થયું હોય તો પણ ડરી જવાથી કોઈ મદદ મળતી નથી; ડર તો સમજશક્તિને ધૂંધળી બનાવી દે છે, મનની સતર્કતાનો લય કરે છે અને એ સમયે જે વસ્તુ કરવા યોગ્ય હોય એ વસ્તુ, ડરની મારી વ્યક્તિ જોઈ કે સમજી શકતી નથી.

❋

ઊર્ધ્વ પ્રકૃતિમાં ભય જેવી કોઈ વસ્તુ હોતી નથી. ભય એ તો પ્રાણમય ભૂમિકાનું સર્જન છે. એ છે અજ્ઞાનાવસ્થાની સહજ લાગણી. જોરદાર પ્રાણમય પ્રતિક્રિયા સાથેની સંકટની લાગણી જે સામાન્યતઃ સમજશક્તિનું સ્થાન લઈ લેતી હોય છે, અથવા તો પછી એ સમજશક્તિને વિકૃત કરી નાખતી હોય છે.

❋

ભય અને ચિંતા એ સંકલ્પશક્તિનાં વિકૃત સ્વરૂપો છે. તું જેનો ડર સેવે છે, અને જેના વિશે સતત વિચારતો રહે છે. તારા મનમાં જે ડરને તું વાગોળ્યા કરે છે, તેને તું એમ કરીને વાસ્તવિક સ્વરૂપ આપવામાં મદદ કરે છે; તારો જાગ્રત સંકલ્પ એ ડરને અટકાવવા મથતો હોય છે ત્યારે તારું અવચેતન મન એને આવકારી રહ્યું હોય એ શક્ય છે અને તારી જાગ્રત સંકલ્પશક્તિ અને બુદ્ધિ કરતાં તારું અવચેતન મન કાર્યસિદ્ધિ માટે વધુ બળવાન, વિશાળતર અને વધુ સક્ષમ હોય છે. અલબત્ત, આત્મા, એ બંનેના સંયુક્ત બળ કરતાં પણ વધુ બળવત્તર હોય છે. માટે ભય અને આશાને સ્થાને આત્માની ભવ્ય સ્વસ્થતા તેમ જ નિશ્ચિંત પ્રભુતામાં શરણ લે.

❋

જ્યારે તારા અવયવો અવસાદ અને નબળાઈ સાથે આનંદપૂર્વક પ્રેમ કરતા થઈ જાય ત્યારે આ મુજબ ચિંતન કરજે : 'હું બેક્સ અને એરિસ છું, એપોલો છું. હું છું અગ્નિ, વિશુદ્ધ અને અજેય; હંમેશા પૂરા સામર્થ્ય સહિત પ્રજ્વળતો સૂર્ય હું છું.'

શ્રી અરવિન્દ

(SABCL, Vol-24, P-1416, 1417, Vol-17-P 124 and 113)

ભય - એનું કારણ શું ?

બાળક : વ્યક્તિમાં ભય હોવાનું કારણ શું ?

શ્રી માતાજી : હું ધારું છું કે એનું કારણ એ હોય છે કે વ્યક્તિ અહંભાવવાળી હોય છે.

એનાં ત્રણ કારણ હોય છે : પહેલું કારણ એ કે વ્યક્તિને પોતાની સલામતી માટે વધુ પડતી ચિંતા હોય છે. બીજું, અજ્ઞાત વસ્તુ એક એવી અસ્વસ્થાની લાગણી ઊભી કરે છે, જે ચેતનામાં ભયનું રૂપ ધારણ કરે છે. અને આ સર્વ ઉપરાંત વ્યક્તિને ભગવાન ઉપર સાહજિકપણે શ્રદ્ધા રાખવાની ટેવ નથી હોતી. જો તમે વસ્તુઓની અંદર પૂરતા પ્રમાણમાં ઊંડા ઊતરી જોશો તો એ કારણ જ સાચું જણાશે. એવા લોકો પણ છે કે જેમને 'તે' પ્રભુનું અસ્તિત્વ છે કે નહિ તેની પણ ખબર નથી. પરંતુ એવા લોકો પાસે આ જ વસ્તુ તમે બીજા શબ્દોમાં મૂકી શકો - 'તમને તમારામાં શ્રદ્ધા નથી' અથવા 'તમે કરુણા વિશે કંઈ જાણતા નથી' અથવા બીજી ગમે તે પ્રકારની ભાષા વાપરો - તમને ગમે તે રીતે એ વસ્તુ રજૂ કરો, પણ એ બધાના પાયામાં રહેલી વસ્તુ તો શ્રદ્ધાનો અભાવ જ હોય છે. જો તમારામાં એવી ભાવના હમેશાં બની રહે કે સર્વ સંજોગોમાં જે કાંઈ બને છે તે સારામાં સારું બને છે. તો તમને ભય લાગશે નહિ.

(આ વાર્તાલાપ થયા પછી એક બાળકે પ્રશ્ન પૂછેલો. ૧૯મી મે, ૧૯૬૫) :

બાળક : આપ કહો છો કે, 'જો તમને હમેશાં એવી લાગણી રહેતી હોય કે સર્વ સંજોગોમાં સારામાં સારું બને છે તો તમને ભય નહિ લાગે.' એ ખરું છે કે સર્વ સંજોગોમાં સારામાં સારું જ બને છે ?

શ્રી માતાજી : જે પ્રકારની દુનિયાની પરિસ્થિતિ છે તેમાં સારામાં સારું બને છે-જો કે એ વસ્તુ સર્વાંશે ઉત્તમ હોય જ, એવું નથી.

એમાં બે વસ્તુઓ છે : ગમે તે કોઈ એક ક્ષણે વસ્તુ સમસ્તના દિવ્ય ગંતવ્યને લક્ષમાં લેતાં વધુમાં વધુ સારું બનતું હોય છે, અને જે વ્યક્તિ

ભગવાનના સંકલ્પ સાથે સભાનપણે જોડાયેલી હોય છે તેને માટે એના પોતાના દિવ્ય સાક્ષાત્કાર માટે વધુમાં વધુ અનુકૂળ વસ્તુ હોય છે.

મને લાગે છે કે આ સ્પષ્ટીકરણ યથાર્થ છે.

સમષ્ટિની દૃષ્ટિએ જોતાં, દરેક ક્ષણે જે વસ્તુ બને છે તે ભાગવત ઉત્ક્રાન્તિને માટે વધુમાં વધુ અનુકૂળ વસ્તુ હોય છે. અને સમષ્ટિનાં જે તત્ત્વો ભગવાન સાથે સભાનપણે જોડાયેલાં હોય છે તેમને માટે જે કાંઈ બને છે તે તેમની એકતાની પૂર્ણતા સિદ્ધ થવા માટે સારામાં સારી વસ્તુ હોય છે.

ફક્ત તમારે એ વસ્તુ ભૂલવી ન જોઈએ કે એ વસ્તુ સતત બદલાતી રહે છે; એ કોઈ ફેરફારની શક્યતા વિનાની સારી વસ્તુ નથી હોતી. એ એક એવી સારી વસ્તુ હોય છે કે જેને આપણે એમને એમ રાખી મૂકીએ તો પછીની ક્ષણે સારામાં સારી વસ્તુ નહિ રહે. માનવચેતનાને પોતાને જે વસ્તુ સારી લાગે, કે સારી છે એવી માન્યતા હોય, તેને સ્થિર રૂપે રાખી મૂકવાની ટેવ હોય છે અને પરિણામે એને જણાય છે કે વસ્તુ હાથમાં આવે તેવી નથી. આ જે વસ્તુને એમની એમ રાખી મૂકવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેને લઈને જ વસ્તુઓ જૂઠી પડી જાય છે.

ભય એ અચેતનતાની દૃશ્ય ઘટના છે. અજ્ઞાનમાંથી પ્રકટ થતી એક પ્રકારની મનોમય વેદના છે. વ્યક્તિને પોતાને અમુક વસ્તુઓ અંગે જાણ હોતી નથી, એ વસ્તુના ઘટક તત્ત્વો વિશે એ અજાણ હોય છે, તેની અસરો, વસ્તુઓનું પરિણામ શું હોઈ શકે એનો વ્યક્તિને ખ્યાલ હોતો નથી. પોતાનાં કાર્યોનું શું પરિણામ આવશે એ પણ વ્યક્તિ પોતે જાણતી હોતી નથી. આપણે ઘણી બધી વસ્તુઓ વિશે અજાણ હોઈએ છીએ. અને આ અજ્ઞાન જ ભય ઉત્પન્ન કરે છે. માણસને જે વસ્તુનું જ્ઞાન નથી હોતું એનો જ એને ભય હોય છે. બાળકનો દાખલો લો. બાળકને કોઈ એવી વ્યક્તિ સમક્ષ લઈ જવામાં આવે જે વ્યક્તિને એ જાણતું ન હોય (હું અહીં સામાન્ય બાળકની વાત કરું છું, જેની આંતર ચેતના જાગ્રત થયેલી હોય છે એવા વિશિષ્ટ બાળકની નહિ) હા, તો સામાન્ય બાળકને જ્યારે પણ કોઈ અજાણી વ્યક્તિ સમક્ષ લઈ જવામાં આવે ત્યારે સૌ પ્રથમ એ બાળક ભયની લાગણી અનુભવે છે. બહુ થોડા બાળકો - જેઓની ચેતના જુદા જ પ્રકારની હોય છે - એ બાળકોમાં ગજબનો આત્મવિશ્વાસ હોય છે. અલબત્ત, બાળકના એ ભયમાં

અંદેશો કે ધાસ્તીની લાગણી પણ મિશ્રિત થયેલી હોઈ શકે છે. એ એક સહજ લાગણી પણ હોઈ શકે છે. વ્યક્તિને જ્યારે કોઈ વસ્તુ ભયજનક છે એવી સહજ લાગણી થઈ આવે, અને એનો ઉપાય પોતાની પાસે ન હોય, પોતાનું રક્ષણ કઈ રીતે કરવું એનું જ્ઞાન ન હોય ત્યારે એ ડરી જાય છે. પરંતુ આવા દરેક કિસ્સામાં ભય એ અચેતનતાની જ ક્રિયા હોય છે.

જે વસ્તુને જાણે છે (જેની પાસે જ્ઞાન છે) તેને ભય હોતો નથી. જે સંપૂર્ણપણે જાગ્રત છે, જે પૂરેપૂરી રીતે સભાન છે અને જેની પાસે જ્ઞાન છે, એને ભય હોતો નથી. જ્યાં અજ્ઞાનરૂપી અંધકાર છે ત્યાં ભય હોય છે.

ભય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટેના સારામાં સારા ઉપાયોમાંનો એક ઉપાય જે છે તે એ કે જે વસ્તુ આપણને ભય પમાડતી હોય તેનો બહાદૂરીપૂર્વક સામનો કરવો. જે સંકટથી તમે ભયને પામતા હો એ સંકટ સમક્ષ તમને ખડા કરી દેવામાં આવે અને પછી તમે એનાથી ભય પામતા નથી. પછી એ ભય અદૃશ્ય થઈ જાય છે. યૌગિક દૃષ્ટિબિંદુથી, શિસ્તપાલનના દૃષ્ટિબિંદુથી આ જ ઉપાયની ભલામણ કરવામાં આવે છે.

જ્યારે ભય ઉત્પન્ન થાય ત્યારે એ ભયની લાગણી ઉપર ચેતના, જ્ઞાન, શક્તિ અને પ્રકાશને મૂકી શકવામાં જો વ્યક્તિ સફળ થાય તો એ ભયની લાગણીને એ વ્યક્તિ પૂરેપૂરી રીતે દૂર કરી શકે છે.

ખ્રિસ્તી ધર્મ જણાવે છે કે માનવે એડનના (સ્વર્ગના) બગીચાનું સફરજન ખાધું એટલે ભયની લાગણી ઉત્પન્ન થઈ - જ્ઞાનની સાથે જ ભય ઉત્પન્ન થયો, અને પૃથ્વી ઉપર આ ભયનું જ સામ્રાજ્ય, સર્વે માનવો માટે સર્વ જીવનો ઉપર ફેલાયેલું છે. હું અત્રે માત્ર એટલું જ જણાવવા માગું છું કે પ્રાણીઓમાં પણ ડર હોય છે - પ્રાણીઓએ તો કોઈ પાપ નથી કર્યું, પ્રાણીઓએ સફરજન ખાધું નથી, અને માટે જ પ્રાણીઓમાં ભય હોવો જોઈએ નહિ ! ભય ઉત્પન્ન થાય છે અર્ધ જાગૃતિ તથા એની સાથે ભળી જતા અજ્ઞાનમય આવેગને લઈને, જેને લઈને પ્રાણી ખતરાની લાગણી પર વધુ પડતો ભાર મૂકી દે છે, અને સાથે સાથે એ પણ ખરું કે એની ચેતનાને એનો કોઈ ઉપાય પણ જડતો હોતો નથી. અને નિશ્ચિતપણે હકીકત એ છે કે વિરોધી સત્ત્વો, પ્રાણમય જગતના સત્ત્વો, જે ઈશ્વરના કાર્ય સામે મોરચો માંડે છે, તેઓ આ ભયની લાગણીનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરી લે છે. અને

આ ભયની લાગણી દ્વારા જ એ સત્ત્વો માનવો ઉપર વર્ચસ્વ જમાવતા હોય છે. હું અહીં એ પણ જણાવી દઉં કે આ વિરોધી સત્ત્વો એકલાં જ આવું કરે છે એવું નથી, બધા જ રાજકીય કે ધાર્મિક ઉપાયો પણ આ જ પ્રકારના હોય છે. એવા ધર્મો પણ છે જે અનુયાયીઓ પર – મૃત્યુનો ભય તથા મૃત્યુ પછી તેઓનું શું થશે એના ઓથાર હેઠળ – વર્ચસ્વ જમાવતા હોય છે. અનુયાયીઓ જો એ ધર્મ દ્વારા લાદવામાં આવેલા સિદ્ધાંતોનું પાલન ન કરે તો મૃત્યુ બાદ તેઓને શું શું યાતના ભોગવવી પડશે એનો ભય ઉત્પન્ન કરી અનુયાયીઓ પર એ ધર્મો પોતાની વગ વધારતા હોય છે.

આ ભય અણગમાની લાગણીમાંથી પણ ઉત્પન્ન થતો હોય છે. એટલે કે કોઈ વસ્તુ પ્રત્યે તમને સ્નેહ ન હોય. અમુક લોકોને ખાસ અગ્નિની બીક લાગતી હોય છે, તો વળી કેટલાક પાણીથી ડરતા હોય છે. ઘણાને આ કે તે પ્રાણીના ડર હોય છે. આ ભય પ્રાણમય આંદોલનો વચ્ચેની અસમતુલામાંથી પેદા થતો હોય છે. અને પછી એ શરીરની અચેતનતામાં પ્રકટ થતો હોય છે. શરીરમાં ભયંકર અચેતનતા હોય છે. શરીરને થોડી ઘણી ચેતનાનું પ્રદાન કરવા માટે પણ વ્યક્તિએ કેટલું તો કાર્ય કરવું પડતું હોય છે ! શરીર ખૂબ જ અચેતન છે.

ભયની પ્રથમ ક્રિયા આપોઆપ જ બની આવે છે. એક ઠેકાણે એક મોટો વિદ્વાન માણસ હતો, એ એક મોટો માનસશાસ્ત્રી પણ હતો (મને એનું નામ યાદ નથી આવતું). એણે એની આંતર ચેતનાનો વિકાસ કરેલો હતો પણ એને એ વિકાસ બાબતની પરીક્ષા કરી જોવી હતી. એણે એક પ્રયોગ કર્યો. એને જાણવું હતું કે ચેતનાના સંયમ વડે શરીરનાં આપોઆપ થતાં કાર્યો ઉપર કાબૂ કેળવી શકાય કે નહિ (કદાચ એ એટલું બધું થઈ શકે તેટલો આગળ નહિ વધ્યો હોય, કારણ કે એ થઈ શકે તેમ તો છે પણ એને માટે એ શક્ય ન હતું). એ એક પ્રાણી સંગ્રહસ્થાનમાં જ્યાં એક કાચની પેટીમાં સર્પોને રાખવામાં આવતા હતા ત્યાં ગયો. ત્યાં એક ખૂબ ઝનૂની નાગને પણ રાખેલો હતો. એ નાગ જ્યારે ઊંઘતો ન હોય ત્યારે લગભગ સતત એક ક્રોધભરી અવસ્થામાં રહેતો હતો, કારણ કે કાચમાં થઈને એ લોકોને જોઈ શકતો હતો અને એનાથી એ ઉશ્કેરાઈ જતો હતો. આપણો વિદ્વાન પુરુષ ત્યાં જઈને એ પિંજરા સામે જઈને ઊભો રહ્યો. એને બરાબર ખબર હતી કે પિંજરું એવી સારી રીતે બનાવેલું હતું કે સાપ કદી પણ એનો કાચ ભાંગી

શકે તેમ ન હતું અને તેને એ સર્પ તરફથી હુમલો થવાનો કોઈ ભય ન હતો. એટલે એણે ત્યાંથી એ સાપને બૂમબરાડા અને ચાળા કરીને સાપને ઉશ્કેરવા માંડયો. એ નાગ, ક્રોધે ભરાઈને કાચ તરફ પોતાના શરીરને પછાડવા લાગ્યો. જ્યારે જ્યારે એ એમ કરતો ત્યારે પેલો વૈજ્ઞાનિક પોતાની આંખો મીંચી દેતો ! આપણો એ માનસશાસ્ત્રી પોતાની જાતને એમ કહેતો કે, 'પણ અરે, હું જાણું છું કે આ સાપ એ કાચને ભેદીને આવી શકે તેમ નથી, તેમ છતાં હું મારી આંખો કેમ મીંચી દઉં છું ?' તો, આપણે સ્વીકાર કરવો રહ્યો કે શારીરિક પ્રત્યાઘાત ઉપર વિજય મેળવવો અઘરું કામ છે. એ આપણને એક પ્રકારની રક્ષણની લાગણી અર્પે છે. અને જો આપણને એમ લાગે કે આપણે આપણી જાતનું રક્ષણ કરી શક્તા નથી, તો ભયની લાગણી ઊભી થાય છે. પણ ભયની જે ક્રિયા આંખો મીંચાઈ જવાની ક્રિયામાં વ્યક્ત થાય છે તે મનોમય કે પ્રાણમય ભીતિ નથી; એ શરીરના કોષાણુઓમાં રહેલ ભયની લાગણી છે, કારણ કે તેમનામાં એવું જ્ઞાન રેડવામાં આવેલું નથી હોતું કે આમાં કોઈ ભયનું કારણ નથી અને એમને ભયનો કેવી રીતે પ્રતિકાર કરવો તેની જાણ નથી હોતી. એનું કારણ એ છે કે વ્યક્તિએ યોગ કર્યો હોતો નથી, સમજ્યા ને ! જો તમે યોગ કર્યો હોય તો તમે ઉઘાડી આંખે નિહાળી રહી શકો છો અને આંખો મીંચી દેતા નથી. એમાં આંખો મીંચી દેવાની જરૂર નથી પડતી, કારણ કે તમે કોઈ બીજી એક વસ્તુને પુકાર કરો છો અને આ 'બીજી વસ્તુ' એ વ્યક્તિમાંની ભાગવત ઉપસ્થિતિ વિશેની સભાનતા હોય છે જે બીજી સર્વ વસ્તુઓ કરતાં વધુ બળવાન હોય છે.

શ્રી માતાજી

(માતૃવાણી ગ્રંથ-૪ પૃષ્ઠ-૨૩૮, ૨૪૦, CWM Vol-6, PP 50-51 ને ગ્રંથ-૪ પૃષ્ઠ ૨૩૯-૪૦)

ભય - એનું નિવારણ

ઓહ ! તમારી જાતને ભય રૂપી રોગથી સાજા કરવાના અનેક ઈલાજો છે. પરંતુ હકીકતમાં દરેક વ્યક્તિ પોતે પોતાને માટે જે રસ્તો સારો હોય છે તે શોધી કાઢે છે. કેટલાક લોકો એવા હોય છે જેમને તમારે ફક્ત આટલું જ કહેવાનું રહે છે, 'તમારામાં ભય પામવાની આ વૃત્તિ એ એક નિર્બળતા છે,' અને પછી એ લોકો તરત જ એ વસ્તુ પ્રત્યે તિરસ્કારથી જોવાના માર્ગો શોધી કાઢે છે, કારણ કે પોતામાં કોઈ પ્રકારની નિર્બળતા હોય એ વસ્તુ તેમને ગમતી હોતી નથી. બીજા કેટલાક લોકો એવા હોય છે, જેમને તમે કહેતા હો છો કે, 'આ જે ભય છે એ તમારી પ્રત્યે પ્રભુ-વિરોધી શક્તિઓનાં મોકલેલાં સૂચનો છે, અને જેવી રીતે તમે દુશ્મનોની શક્તિઓને હાંકી કાઢો છો તે રીતે તેમને પણ હાંકી કાઢવાના છે, અને આ વસ્તુ ખૂબ અસરકારક નીવડે છે. દરેક વ્યક્તિને માટે આ વસ્તુ અલગ અલગ રીતની હોય છે પરંતુ સૌ પ્રથમ તો તમારે જાણી લેવું જોઈએ કે ભય એ ઘણી ઘણી ખરાબ વસ્તુ છે, એક તેજાબના જેવી વસ્તુ છે કે જે તમને ખાઈ જાય છે. જો તમે એ તેજાબનું ટીપું કોઈ પણ વસ્તુ ઉપર મૂકશો તો એ તેના મૂળ સુધી એને ખાઈ જશે. એટલે, પ્રથમ પગલું તો એ છે કે ભયની શક્યતાને જ તમારી અંદર પ્રવેશ ન કરવા દેવો ! હા, પહેલું પગલું એ જ છે. મને એવા લોકો પણ મળેલા છે કે જેઓ પોતે પોતાની બીક વિશે ગર્વ લેતા હતા. એમનો તો કોઈ જ ઈલાજ નથી. એટલે કે, તદ્દન સ્વાભાવિકપણે એ લોકો આમ કહે છે. 'હા, જરા ખ્યાલ તો કરો, હું તો એટલો બધો બી ગયેલો !' તો પછી શું ! એમાં અભિમાન લેવા જેવું તો કાંઈ જ નથી, આવા લોકો માટે તમે કંઈ જ નહિ કરી શકો.

આમ છતાં, જો તમે એક વાર એવું સ્વીકારો કે જે ચેતના થોડીઘણી પણ આલોકિત થયેલી છે, તેને માટે આવો ભય એ કોઈ સારી કે લાભદાયક કે ઉમદા વસ્તુ નથી, તો પછી તમે એની સામે લડી લેવાની શરૂઆત કરો છો. અને હું કહી મૂકું કે, આમાં એક વ્યક્તિનો રસ્તો બીજી વ્યક્તિથી જુદો હોય છે; સૌ સૌએ પોતપોતાનો માર્ગ શોધી લેવાનો હોય છે; એનો આધાર વ્યક્તિ ઉપર રહે છે, વળી ભય એ એક સામૂહિક રીતની ભયંકર એવી વસ્તુ છે - ચેપી, એટલે કે, એ એવી તો ચોંટી પડે છે કે અત્યંત ચેપી રોગથી પણ એ વધુ ચેપી હોય છે. તમે કોઈ ભયના વાતાવરણમાં શ્વાસ લો છો અને તરત જ તમને ભય લાગે છે; કેમ,

કેવી રીતે - એ કશું પણ જાણ્યા વિના, કેવળ ત્યાં ભયનું વાતાવરણ હોય છે એટલે જ તમે ભયભીત થઈ જાઓ છો. જ્યારે કોઈ અકસ્માત થાય છે ત્યારે જે ગભરાટ ફેલાય છે તેનું કારણ પણ, ત્યાંના વાતાવરણમાં સૌની આસપાસ ફરી વળતો આ ભય જ હોય છે. અને એનો ઈલાજ તદ્દન સહેલો છે. એવા અસંખ્ય દાખલાઓ છે જેમાં અમુક લોકોએ ત્યાંના ભયના આંદોલનનો અસ્વીકાર કરીને તેનો પ્રતિકાર કરવા માત્રથી જ, ગભરાટ ફેલાતો અટકી ગયેલો.

જે લોકો ગુહ્યવાદીઓ હોય છે તેમને માટે તો ભયનો ઈલાજ એટલો જ હોય છે કે પ્રભુનું સ્મરણ કરીને તેમના બાહુઓમાં કે ચરણો પાસે લપાઈને બેસી જવું અને પછી બહાર, અંદર કે ગમે ત્યાં, જે કાંઈ બને તેની જવાબદારી તેમના ઉપર છોડી દેવી - અને તરત જ ભયની લાગણી અદૃશ્ય થઈ જાય છે. એ ઈલાજ જો કે ગુહ્યવાદીઓ માટેનો છે પરંતુ એ સૌથી સહેલો છે, પરંતુ બધા લોકો એવા ભાગ્યશાળી નથી હોતા કે ગુહ્યવાદી બનવા જેટલી પ્રભુકૃપા તેમની ઉપર હોય.

❋❋❋

બાળક : અમને જ્યારે બીક લાગે ત્યારે અમારે શું કરવું ?

શ્રી માતાજી : એનો આધાર તમે કોણ છો તેના ઉપર છે. પોતાની જાતને ભયમુક્ત કરવાના અનેક રસ્તાઓ છે.

જો તમને તમારા ચૈત્ય સ્વરૂપ સાથે થોડો પણ સંપર્ક હોય તો, તમારે એને તરત જ બોલાવવું અને એ ચૈત્ય સ્વરૂપના પ્રકાશમાં સર્વ વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવી લેવી. આ એક બહુ શક્તિશાળી માર્ગ છે.

જ્યારે તમારે તમારા ચૈત્ય સ્વરૂપ સાથે સંબંધ ન હોય, પણ તમે એક બુદ્ધિમાન વ્યક્તિ હો, એટલે કે, તમારામાં સતર્ક મન સ્વતંત્રપણે ગતિ કરી શકે એવી શક્તિ હોય, તો પછી તમે તમારી પોતાની સાથે, એક બાળકને સમજાવતા હો તેવી રીતે દલીલ કરી શકો છો. એને સમજાવી શકો છો કે ભય એ વસ્તુ પોતે જ સારી વસ્તુ નથી અને ભયને માટે કોઈ કારણ હોય તે છતાં તેનો સામનો બીતાં બીતાં કરવા જવું એ તો ભારે મુર્ખાઈ ગણાય. જો ભયનું કોઈ સાચું કારણ હશે તોપણ તેમાંથી બહાર આવવાની તક તો તમને હિંમત વડે જ પ્રાપ્ત થઈ શકશે. જો તમારામાં લગાર પણ ભય હશે તો તમારું આવી બન્યું. એવી રીતે બુદ્ધિની દલીલોની શક્તિ વડે તમારા જે ભાગમાં ભય દાખલ થયો હોય તેને

છેવટે એવી ખાતરી કરાવવી કે જેથી એનામાંથી એ ભય દૂર થઈ જાય.

જો તમારામાં શ્રદ્ધા હશે અને તમે પ્રભુને સમર્પિત થઈ ચૂકેલા હશો તો તો તમારે માટે એક સરળ રસ્તો છે. તમારે એટલું જ કહેવાનું, 'હે પ્રભુ, તારો સંકલ્પ સિદ્ધ થાઓ, મને કશી વસ્તુ ભય પમાડી શકે તેમ નથી કારણ કે તું મને દોરી રહ્યો છે. હું તારો છું અને તું મારા જીવનને દોરી રહ્યો છે.' એનું પરિણામ તરત જ આવે છે. સૌ કોઈ ઉપાયોમાં આ ઉપાય સૌથી વધુ અસરકારક છે. એનો અર્થ એ કે આપણે પૂર્ણપણે પ્રભુને સમર્પિત થઈ રહેવું જોઈએ. જો કોઈએ તેમ કર્યું હશે તો એ વસ્તુ તરત જ કાર્યકારી નીવડશે; એક સ્વપ્નની જેમ બધો ભય ભાગી જશે. પણ ભયની સાથે પેલી અશુભ અસર પેદા કરનારું સત્ત્વ પણ એક સ્વપ્નની જેમ ભાગી જાય છે. તમારે એને દોડતું-ભાગતું જતું જોવા જેવું છે.....

હવે, કેટલાક લોકોમાં બળવાન પ્રાણમય શક્તિ હોય છે, તેઓ લડવૈયાઓ હોય છે, અને આવું બને છે ત્યારે, તેઓ પોતાનું મસ્તક ઊંચું કરીને કહે છે : 'હાં ! આ તો કોઈ દુશ્મન આવી લાગ્યો લાગે છે, ચાલો આપણે એને પછાડી પાડીએ.' પરંતુ એમ કરી શકવા માટે તમારામાં જ્ઞાન અને અત્યંત બળવાન પ્રાણમય શક્તિ હોવાં જોઈએ. તમારા પ્રાણમાં એક રાક્ષસ જેટલું બળ હોવું જોઈએ. બધાને માટે એવા બનવું શક્ય નથી હોતું.

એટલે આમાં અનેક જુદા જુદા માર્ગો હોય છે. એમાંથી જે કોઈ પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તેમનો ઉપયોગ કરતાં જો તમને આવડતું હશે તો એ બધા જ સારા ગણાય.

બાળક : વ્યાયામ કરતાં જ્યારે મારે કૂદકો મારવાનો હોય છે ત્યારે મને ભય લાગે છે. એમ કેમ થતું હશે ?

શ્રી માતાજી : આહ, એમાં તો બેટા, વસ્તુસ્થિતિ ઉપર આધાર છે. તમારે બે અલગ અલગ વસ્તુઓનો ભેદ સમજવો જોઈએ અને તે દરેક સાથે ખૂબ જુદી રીતે કાર્ય કરવું જોઈએ.

જો એ પ્રાણમય ભય હોય તો તેને સમજાવીને, બીક લાગતી હોવા છતાં એ

કસરત કરવી જ જોઈએ. પરંતુ જો એ શારીરિક સહજ પ્રેરણા હોય (એવી પ્રેરણા હોવી શક્ય છે, એવું ઘણી વાર બને છે, એક જાતની શારીરિક સહજ પ્રેરણા પણ હોય છે) તેવે પ્રસંગે, તમારે એના ઉપર ધ્યાન આપવું જોઈએ કારણ કે તર્ક અથવા પ્રાણના સંકલ્પ વડે ક્ષુબ્ધ થયેલ ન હોય તો શારીરિક સહજ પ્રેરણા એ ખૂબ ભરોસાપાત્ર વસ્તુ હોય છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃષ્ઠ ૪૪૫ થી ૪૪૭ અને પૃષ્ઠ ૨૧૬ થી ૨૧૮)

❀

ભય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટેના સારામાં સારા ઉપાયોમાંનો એક ઉપાય જે છે તે એ કે જે વસ્તુ આપણને ભય પમાડતી હોય તેનો બહાદૂરીપૂર્વક સામનો કરવો. જે સંકટથી તમે ભય પામતા હો એ સંકટ સમક્ષ તમને ખડા કરી દેવામાં આવે અને પછી તમે એનાથી ભય પામતા નથી. પછી એ ભય અદૃશ્ય થઈ જાય છે. યૌગિક દૃષ્ટિબિંદુથી, શિસ્તપાલનના દૃષ્ટિબિંદુથી આ જ ઉપાયની ભલામણ કરવામાં આવે છે.

શ્રી માતાજી

સરળ ઉપાય

હવે, એક નાનકડો ઈલાજ છે. એ ઘણો ઘણો સહેલો છે. કારણ કે એનો પાયો તમારી પોતાની વ્યવહારુ બુદ્ધિના વ્યક્તિગત પ્રયત્ન ઉપર રહેલો છે.... તમારે તમારી જાતનું થોડુંક નિરીક્ષણ કરવું અને કહેવું કે જ્યારે તમને ભય લાગતો હોય છે ત્યારે તમે જે વસ્તુથી ડરતા હો છો તે વસ્તુનો ભય જ, તે વસ્તુને તમારા ઉપર ખેંચી લાવે છે. જો તમે માંદગીથી ભય પામતા હશો, તો જાણે તમે માંદગીને પોતાને જ આકર્ષી લાવતા હશો. જો તમને કોઈ અકસ્માતનો ભય લાગતો હશે તો એવું બનતું હશે કે તમે પોતે જ અકસ્માતને આકર્ષી લાવતા હશો. અને જો આ રીતે તમે તમારી અંદર દૃષ્ટિ કરશો અને સહેજ આસપાસ નિહાળશો, તો તમને જણાઈ આવશે, કે હમેશાં આવું જ બનતું હોય છે. એટલે પછી જો તમારામાં થોડી સરખી પણ વ્યવહારુ બુદ્ધિ હશે, તો તમે કહેશો કે, 'કોઈ પણ વસ્તુથી ભય રાખવો એ એક પ્રકારની મૂર્ખતા છે કારણ કે, એમાં તો જાણે હું પોતે જ ઈશારો કરીને એ વસ્તુને મારી તરફ બોલવતો હોઉં છું. જો મારે કોઈ એવો દુશ્મન હોય જે મારું ખૂન કરવા ઇચ્છતો હોય તો હું એને જઈને એમ કહેતો નથી કે 'તમે જાણો છો ને કે જે વ્યક્તિનું તમો ખૂન કરવા માગો છો તે હું પોતે જ છું !' આ વસ્તુ કંઈક અંશે એના જેવી છે. એટલે ડર રાખવો એ ખોટું છે. માટે, આપણે એ નહિ રાખીએ. અને જો તમે એમ કહેવા માગતા હો કે તમે તમારા બુદ્ધિબળથી એમ બનતું અટકાવી શકતા નથી, તો એ વસ્તુ બતાવી આપે છે કે તમારો તમારી પોતાની જાત ઉપર કોઈ રીતનો કાબૂ નથી અને તમારે એ પ્રકારનો કાબૂ પ્રાપ્ત કરવા માટે થોડોક પ્રયત્ન કરવાની જરૂર છે. બસ એટલું જ.

❀

માર્ગ પર વિચરણ કરવા માટે અડગ હિંમત, સંપૂર્ણ નિષ્ઠા, અને સાચા દિલનું આત્મ-સમર્પણ જરૂરી છે, જેથી કરીને સાધક ગણત્રીઓ ન કરે તથા સોદાબાજી ન કરે, કશુંક મેળવવાની ભાવનાથી સમર્પણ ન કરે, પોતાનું રક્ષણ થાય એવા ભાવથી એ ઈશ્વરમાં વિશ્વાસ મૂકવાનું વલણ ન અપનાવે; સાબિતિઓ માગે એવી શ્રદ્ધા ના રાખે. અને આ વલણ જ સાધકને બધા જોખમો સામે સંરક્ષણ પૂરું પાડી શકે એમ છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃષ્ઠ ૪૪૫-૪૬, CWM Vol-8 P 262)

સાચા મનોવલણની શક્તિ

હું તો એટલી હદે જઈને ભારપૂર્વક જણાવી શકું કે (દરેકની તાત્કાલિક અસરના વર્તુળમાં રહ્યે) એક સાચું મનોવલણ પ્રત્યેક સંજોગને પોતાના લાભમાં ફેરવવાને શક્તિશાળી છે, એટલું જ નહીં, પણ સંજોગને પોતાને બદલવાની તાકાત ધરાવે છે. દાખલા તરીકે, ધારો કે એક માણસ તમારી હત્યા કરવા આવે છે, તો તે સમયે જો તમે તમારી સામાન્ય ચેતનામાં રહો, તમારી સાન ગુમાવીને બેબાકળા બની જાઓ, તો જે કામ માટે તે આવ્યો છે તે કામમાં તેને સફળતા મળવાનો સંભવ છે. હવે તમે જો તમારી ચેતનામાં સહેજ ઊંચે જઈ શકો અને ભયભીત સ્થિતિમાં પણ તમે ભગવાનની મદદનો પોકાર કરી શકો, તો તમને તે કંઈ વધુ ન કરી શકે, સહેજસાજ ઘા પહોંચાડી શકે. હવે ધારો કે તમે તમારી સાચી ચેતનામાં-મનોવલણમાં-હો, તમારી આસપાસ ભગવાનની હાજરાહજૂરીવાળી ભરી ભરી ચેતનામાં હો, તો તમારી સામે તે એક આંગળી પણ નહિ ઉપાડી શકે.

આવા સાચા મનોવલણનાં મારી પાસે ઘણાં દૃષ્ટાન્તો છે. એક જ વ્યક્તિના સાચા મનોવલણને લઈને મોટાં ટોળાં કટોકટીમાંથી ઊગરી ગયેલાં મેં જોયાં છે. પણ તે એક એવું મનોવલણ ન હોવું જોઈએ કે કયાંય ઉપર એ સ્થિત થયું હોય, અને શરીરને તેની સામાન્ય પ્રતિક્રિયા પર છોડી દેતું હોય. જો તમે એમ એક ઉચ્ચ સ્થિતિએ રહીને ''ભગવાનનું ધાર્યું ભલે થાઓ'' એમ કહો, તોય તમે કદાચ માર્યા જાઓ. કારણ કે, તમારું શરીર તો સાવ અદિવ્ય હશે, ભયથી કંપતું હશે. સાચી વાત એ છે કે શરીરને પોતાને સાચી ચેતનાના સંપર્કમાં મૂકી દેવું જોઈશે, સહેજ પણ ભય કર્યે નહિ ચાલે, દિવ્ય શાંતિમાં સભર રહેવું જોઈશે. અને પછી કશો જ ભય નહિ રહે. માત્ર મનુષ્યોના તો શું પણ પ્રાણીઓના તેમ જ તત્ત્વોના હુમલાઓને રોકી શકશો, તેમના પર અસર કરી શકશો. એક નાનો પ્રસંગ જણાવું : તમને પેલા ભયંકર વાવાઝોડાની રાતનું સ્મરણ હશે. ત્યારે ભયંકર સૂસવાટા સાથે મૂશળધાર વરસાદ પડતો હતો. મેં વિચાર્યું કે શ્રી અરવિન્દના કમરામાં જઈને બારીઓ બંધ કરવામાં સહાયભૂત થાઉં. મેં બારણું ખોલ્યું. તેમને મેં શાંત ચિત્તે મેજ પર કંઈક લખતા જોયા. ઓરડામાં એટલી ઘનીભૂત શાંતિ પથરાઈ ગઈ હતી કે બહાર તોફાન મચી રહ્યું છે તેનો ખ્યાલ

સરખોય ન આવે. બધી બારીઓ ખુલ્લી હતી. વરસાદનું એક ફોરુંય અંદર પડતું નહોતું.

❀

મધુર માતાજી, શ્રી અરવિન્દ અહીં કહે છે કે ''..... જ્યારે મુશ્કેલીનો સાચી વૃત્તિથી સામનો કરીને તેના પર વિજય મેળવવામાં આવે છે, ત્યારે એમ લાગે છે કે – અવરોધ અદશ્ય બની ગયો છે.'' તો સાચી વૃત્તિ એટલે શું ?

આહ, હું તે પ્રશ્નની અપેક્ષા રાખતી હતી. સાચી વૃત્તિનો અર્થ શ્રી અરવિન્દે નીચેના વાક્યમાં સમજાવ્યો છે કે વિશ્વાસ જાળવી રાખો, શાન્ત રહો. થોડેક આગળ શ્રી અરવિન્દ કહે છે કે આક્રમણ ચાલ્યું જાય તે માટે ધીરજપૂર્વક રાહ જુઓ, વિશ્વાસ જાળવી રાખો. શું તે વાક્ય ત્યાં નથી ? તો તે બીજા ફકરામાં છે. તે ગમે ત્યાં હોય, પણ સાચી વૃત્તિ એટલે હિંમત ન ગુમાવવી, શ્રદ્ધા ન ગુમાવવી, અધીરા ન બનવું, નિરાશ ન થવું, શક્ય એવી વધુ અભીપ્સાપૂર્વક શાન્ત રહેવું, જે કાંઈ બની રહ્યું છે તેનાથી ચિંતિત ન થવું. એવી ખાતરી રાખવી કે આ બધું ચાલ્યું જશે, અને બધું ઠીકઠાક થઈ જશે. સાચે જ, આ શ્રેષ્ઠ વસ્તુ છે.

❀

'સાપ અને વીંછી જેવાં કેટલાંક જંતુઓ તરફ માણસને જે સ્વાભાવિક ઘૃણા થાય છે તેનું શું કારણ હશે ?'

આ પ્રકારની કે બીજી કોઈ રીતની ઘૃણાની લાગણી થવી એ કાંઈ ખાસ જરૂરી નથી. યોગની મૂળભૂત સિદ્ધિ તો એ છે કે ઘૃણાની લાગણી બિલકુલ જ ન થાય.

તમે જે ઘૃણાની વાત કરો છો તે ભયમાંથી ઉત્પન્ન થાય છે. તમારામાં જો ભય નહિ હોય તો એ લાગણી પણ નહિ થાય. એ ભય કોઈ પણ પ્રકારના તર્ક કે કારણમાંથી જન્મતો નથી, એ અંધપ્રેરણામાંથી આવે છે. વળી એ ઘૃણાની લાગણી વ્યક્તિગત કે અંગત નહિ પરંતુ સમસ્ત જાતિની છે. એ ભયની સૂચના સર્વસામાન્ય છે, અને સમસ્ત માનવજાતિની ચેતનામાં એ રહેલી છે. જ્યારે વ્યક્તિ માનવદેહ ધારણ કરે છે ત્યારે તેની સાથે સાથે એ બધી સંખ્યાબંધ સામાન્ય સૂચનાઓ, સમસ્ત જાતિના વિચારો, લાગણીઓ, સંસર્ગજનિત ખ્યાલો,

આકર્ષણ, ઘૃણા, ભય વગેરે પણ તે આપોઆપ સ્વીકારી લે છે.

પણ એક બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, આવાં આકર્ષણ કે પ્રત્યાકર્ષણો કેવળ વ્યકિતગત જ હોય છે. કારણ કે બધા માણસોમાં એ ક્રિયાઓ એક જ પ્રકારની નથી હોતી. જુદા જુદા માણસોના પ્રાણમાં થતા જુદાં જુદાં આંદોલનો ઉપર તેમનો આધાર હોય છે. કેટલાક માણસોને સાપ વગેરે પ્રાણીઓ પ્રત્યે બિલકુલ ઘૃણા નથી હોતી, એટલું જ નહિ પરંતુ તેમને માટે પ્રાણમાં એક પ્રકારનું આકર્ષણ અને પસંદગી પણ હોય છે.

આ જગતમાં અનેક ન ગમે તેવી અને બદસૂરત ચીજો આવેલી છે. પરંતુ એનો અર્થ એવો થતો નથી કે માણસે તેમના પ્રત્યે સતત ઘૃણાની લાગણી અનુભવવી જોઈએ. માનવમનને ક્ષોભ આપતી કે નિર્બળ કરતી ભય, ઘૃણા કે સંકોચની લાગણીઓને જીતી શકાય છે. યોગીએ તો એવી લાગણીઓનાં પ્રતિકાર્યોથી પર થવું ખાસ જરૂરનું છે. સર્વે પ્રાણીઓ, સર્વે પદાર્થો તથા સર્વે ઘટનાઓ વચ્ચે તેણે સંપૂર્ણ સમતા સાચવવી એ તો યોગસાધનાનું લગભગ પહેલું જ પગથિયું છે. હંમેશાં તમારે સ્થિર, નિર્લિપ્ત, અનાસક્ત અને અવિચલિત રહેવું જોઈએ. યોગીની ખરી શક્તિ જ એમાં રહેલી છે. જો તમે સંપૂર્ણ શાંતિ અને અક્ષોભની સ્થિતિમાં રહી શકો તો તમારી સામે આવેલાં ભયાનક ઝનૂની પ્રાણીઓને પણ તમે જીતી શકો છો.

ઘૃણા એ અજ્ઞાનની ક્રિયા છે. આત્મરક્ષણની સાહજિક વૃત્તિનું એ પરિણામ છે. પરંતુ કોઈ પણ ભયની સામેનો ઉત્તમ ઉપાય આવી અકારણ ઘૃણામાં નહિ પણ સાચા જ્ઞાનમાં રહ્યો છે. ભયનું સ્વરૂપ જાણી લઈને તેને દૂર કરવાના યા તો નાબૂદ કરવાના ઈલાજો બુદ્ધિપૂર્વક લેવાવા જોઈએ. આ બધી ભય, ઘૃણા વગેરે પ્રક્રિયાઓને જન્મ આપતું અજ્ઞાન આખી માનવજાતિમાં રહેલું છે. પણ એના ઉપર વિજય મેળવી શકાય છે. આપણી બાહ્ય પ્રકૃતિને જન્મ આપનાર અને આપણી ચારેબાજુ સર્વત્ર પથરાયેલી સ્થૂળ જડ માનવ પ્રકૃતિમાં જ કંઈ આપણે હમેશ માટે પુરાઈ રહેવાનું નથી.

ચેતનાનો વિકાસ થતાં અજ્ઞાન દૂર થઈ જાય છે. તમારે ચેતનાની જરૂર છે, હમેશાં વધારે ને વધારે સચેતનતાની જરૂર છે. શુદ્ધ સરળ અને જ્યોતિર્મય ચેતનાની જરૂર છે. એવી પૂર્ણ ચેતનાની જ્ઞાનજ્યોતિમાં પદાર્થો પોતાના મૂળ સ્વરૂપે દેખાય છે, નહિ કે જેવા તેઓ દેખાવા માગે છે તેવા. એવી ચેતના એક

ચિત્રપટ પેઠે પોતાની પાસેથી પસાર થતા સર્વ પદાર્થોનું આબેહૂબ પ્રતિબિંબ ઝીલે છે. એવી ચેતનાના પટ ઉપર વસ્તુ જ્યોતિર્મય કે તમોગ્રસ્ત, સીધી કે વક્ર જેવી હોય તેવી દેખાય છે. જ્યારે તમે ધ્યાનની એકાગ્ર સ્થિતિમાં નિષ્ક્રિય સાક્ષી થઈ રહો છો ત્યારે તમારી ચેતના પડદાના જેવી કે દર્પણના જેવી હોય છે. જ્યારે તમે ક્રિયા કરવામાં પ્રવૃત્ત થાઓ છો ત્યારે એ જ ચેતના સર્ચલાઈટ રૂપ બની જાય છે. કોઈ પણ સ્થળે, કોઈ પણ પદાર્થમાં ઊંડા ઊતરીને તેને જ્ઞાનપૂર્વક ઝીણવટથી આરપાર જોવો હોય, તો તમારે ચેતનાની એ જ્યોતિને ફક્ત તેના તરફ વાળવાની જ રહે છે.

એ પૂર્ણ ચેતનાને પ્રાપ્ત કરવાનો ઉપાય છે તમારી અત્યારની ચેતનાનો વિકાસ, તમારે એને તેના અત્યારના ચીલામાંથી ને મર્યાદાઓમાંથી બહાર કાઢીને કેળવવાની છે, ભગવાનની દિવ્ય જ્યોતિ પ્રત્યે ખુલ્લી કરવાની છે, તથા દિવ્ય જ્યોતિને તેના પર છૂટથી અને પૂર્ણપણે કાર્ય કરવા દેવાનું છે. પરંતુ સર્વ પ્રકારની વાસનાઓને અને ભયને તમે તમારામાંથી જ્યારે દૂર કરી દેશો, તમને અંધકારમાં કે બંધનમાં પૂરી રાખનાર માનસિક પૂર્વગ્રહોમાંથી, પ્રાણની પસંદગીઓમાંથી, તથા સ્થૂળ પ્રકારના ભય તથા આકર્ષણોમાંથી તમે જ્યારે મુક્ત બની જશો ત્યારે જ એ દિવ્ય શક્તિ નિર્બંધ અને પૂર્ણ રીતે પોતાનું કાર્ય કરી શકશે.

❋

ઈશ્વર તમારી સાથે જ છે એવા ભાવ સહિત હરેક સંજોગોનો સામનો કરો, ઈશ્વર પ્રતિ સંપૂર્ણ સમર્પણભાવ કેળવો. તમારું સમગ્ર સ્વરૂપ આ પ્રકારના સંકલ્પમાં એકરૂપ કરી દો તો પછી તમે જીવનમાં આગળ વધી શકશો અને કોઈ પણ પરિસ્થિતિ કે વસ્તુનો તમે સામનો કરી શકશો.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ-૧૬૮-૬૯, ગ્રંથ-૭ પૃષ્ઠ ૧૦, ગ્રંથ-૩ પૃષ્ઠ ૧૧૦ થી ૧૧૨)

યોગ અને ભય એક સાથે સંભવી શકે નહિ

તમારે જો યોગ સાધના કરવી હોય તો તમારે ભયમુક્ત થવું જ જોઈએ. યોગ સાધના કરવી અને ભય રાખવો એ સાથોસાથ સંભવી શકે નહિ.

❋

ભય રાખવાથી કે દુઃખી થવાથી તમે પ્રગતિ સાધી શકો છો એમ માનવું ભૂલભરેલું છે. ભયની લાગણીનો તો હંમેશા પરિત્યાગ જ થવો ઘટે; કારણ કે તમે જે વસ્તુનો ભય રાખો છો એ જ વસ્તુ તમારે માટે બનવાની શક્યતા રહેતી હોય છે. ભય, ભયના પદાર્થને ખેંચી લાવે છે. દુઃખની લાગણી બળ ઓછું કરી નાખે છે અને એ રીતે દુઃખના કારણરૂપ, એના મૂળ પરત્વે વ્યક્તિને વધુ ખુલ્લી કરી દે છે. .... તમારે જે કરવાનું છે તે એ કે નિરીક્ષણ કરતા રહો અને સાવધ રહો.... તમે જો સાવધ રહેશો તો તમને ધારણ કરતી શક્તિનું પ્રમાણ વધતાં તમારી અંદર સ્વ-નિયમનની શક્તિ પ્રગટ થશે, ખોટી ક્રિયાઓ કે ખોટા પ્રતિભાવો જો આવે તો એનું નિરીક્ષણ કરી એનો પરિત્યાગ કરી શકવાની શક્તિ તમારી અંદર કેળવાશે. ભય તથા દુઃખી થવાની લાગણી તમને આ વસ્તુનું પ્રદાન કરી શકશે નહિ.

❋

(ભયમુક્ત થવા માટેની પદ્ધતિઓ :) નિમ્ન પ્રાણ (નાભિની નીચેનો ભાગ)માં શક્તિ અને શાન્તિનું અવતરણ કરાવીને. જ્યારે ભય ઉત્પન્ન થાય ત્યારે સંકલ્પશક્તિનો ઉપયોગ કરીને તથા નાડીતંત્ર પર શાન્તિને અસરકારક રીતે લાદી દઈને. આ બે માંથી ગમે તે એક પદ્ધતિ વડે અથવા તો બંનેનો સાથે પ્રયોગ કરીને ભયમુક્ત થઈ શકાય.

❋

શ્રી માતાજીમાં વિશ્વાસ રાખીને તમારે તમારા ભય તથા ગુસ્સાને બહાર ફેંકી દેવો જોઈએ અને સ્વસ્થતાપૂર્વક તમારા માર્ગે આગળ પ્રયાણ કરવું જોઈએ.

❋

સાધકે ઈશ્વર પર આધાર રાખતા અને એ રીતે ભયમુક્ત થતાં શીખવાનું છે.

ઈશ્વરની મદદ પર આધાર રાખી સર્વે વસ્તુઓ - દુઃખદાયી તેમજ વિરોધી વસ્તુઓમાંથી પણ - માંથી પસાર થઈ જવાનું છે. એક એવી શક્તિ છે જે આ દુઃખદાયી તેમજ વિરોધી વસ્તુઓ દ્વારા પણ પોતાનું કાર્ય કરી લે છે. અને સાધકને તેના ધ્યેય પ્રતિ દોરી જાય છે.

❀

સામાન્ય જીવનમાં અવચેતનાના કાર્યનો હિસ્સો વધારે મોટો હોય છે. ચેતનાના સચેતન ભાગો કરતાં એ અવચેતના સેંકડો ગણા વધારે સામર્થ્યથી કાર્ય કરે છે.

સાધારણ માણસની આંતરિક સ્થિતિ ભય અને બીક ભરેલી હોય છે. તમે માત્ર દસ મિનિટ પણ ઊંડા ઊતરીને તમારું સ્થૂલ મન તપાસી જોશો તો તમને જણાશે કે એ દસમાંથી નવ મિનિટ તે ભયથી વ્યાપ્ત હોય છે. નાની મોટી, નજીકની, દૂરની, દૃશ્ય અદૃશ્ય એમ જુદી જુદી વસ્તુઓની બીક હોય છે. તમારી જાગ્રત અવસ્થામાં તમને તે જણાતી નથી. છતાં પણ આખો વખત તે હાજર જ હોય છે. સતત પ્રયત્ન અને આત્મનિયમનને પરિણામે જ ભયથી સંપૂર્ણ મુક્તિ મળી શકે છે.

નિયંત્રણ અને પ્રયત્ન વડે તમે તમારાં મન અને પ્રાણને સર્વ પ્રકારના ભયથી મુક્ત કર્યાં હોય તોપણ સ્થૂલ દેહની પાસે એ મુક્તિનો સ્વીકાર કરાવવો ઘણું મુશ્કેલ છે. પરંતુ તે પણ કરવાનું છે. એક વાર યોગસાધનાનો માર્ગ તમે લીધો એટલે તમારે ભયનો તો ત્યાગ કરી દેવો જ જોઈએ. મનના, પ્રાણના અને શરીરના પુટેપુટમાં, રૂંવેરૂંવે રહેલ સ્થૂલ શારીરિક ભયનો પણ તમારે સમૂળો ત્યાગ કરવાનો છે. યોગસાધનામાં જે જે ફટકા તમને પડે છે તેનો એક હેતુ તમારામાંથી સર્વ પ્રકારના ભયને દૂર કરવાનો પણ છે. ભયનાં કારણો ફરીફરીને તમારા પર ધસારો કરે છે. પણ તે કયાં સુધી ? જ્યાં સુધી તેમની સામે તમે મુક્ત, ઉદાસીન, અનાસક્ત અને શુદ્ધ થઈને ઊભા ન રહી શકો ત્યાં સુધી જ. કોઈને દરિયાની બીક હોય છે, કેટલાકને અગ્નિનો ભય હોય છે. જેમને આગની બીક હશે તેમને ઘણી વખત જણાશે કે જ્યાં સુધી તેમના સ્થૂલ દેહનો અણુ સરખો પણ આગના ભયથી કંપે નહિ એવી સ્થિતિ તેઓ મેળવતા નથી ત્યાં સુધી તેમને આગના અનુભવો થયા જ કરે છે. તમને જેની પુષ્કળ ઘૃણા હોય છે તે વસ્તુ તમારી ઘૃણા દૂર થાય ત્યાં સુધી તમારી સામે આવ્યા જ કરે છે. જેને પોતાની પ્રકૃતિનું રૂપાંતર

કરવું છે અને સાધનાનો માર્ગ અનુસરવો છે તેણે તો સર્વથા ભયમુક્ત થયે છૂટકો છે. ગમે તે થઈ જાય તો પણ પોતાની પ્રકૃતિનાં સર્વે કરણોમાં અલિપ્ત રહીને તેણે અક્ષુબ્ધતા પ્રાપ્ત કરવી જ જોઈએ.

❀

યોગશક્તિના દબાણને પરિણામે સ્થૂળ દેહની અંદર એવી કેટલીક ક્રિયાઓ થાય છે જેને લઈને પાયા વગરની બીક ઊપજે છે, અને એનો ઈનકાર કરવામાં ન આવે તો તે નુકસાન પણ કરી બેસે છે. દાખલા તરીકે, માથાના ઉપર થતી એક પ્રકારના દબાણની લાગણી. એ વિશે આગળ કહેવામાં આવ્યું છે. એવું દબાણ ખાસ કરીને શરૂઆતની અવસ્થામાં પ્રકૃતિના કોઈ બંધ થઈ રહેલા ભાગને ખોલવાનો હોય છે ત્યારે ઘણા સાધકો અનુભવે છે. એ પ્રકારની બેચેનીનું પરિણામ ખાસ ખરાબ નથી આવતું, અને જો તમે જાણતા હો કે તમે જે શકિતઓ પ્રત્યે ખુલ્લા થાઓ છો તેઓ શીઘ્ર પરિણામો લાવવા માટે તથા ઝપાટાબંધ રૂપાંતર કરવા માટે શરીરના ઉપર દબાણ કરે છે તેથી કરીને તમને એ લાગણી થાય છે, તો તમે તેનાથી જલ્દી મુક્ત થઈ શકશો. શાન્તિપૂર્વક એને સમજો તો એ લાગણી બદલાઈ પણ જાય, અને તે બેચેનીરૂપે પણ ન રહે એવું બને. પરંતુ જો તમે બીશો તો તમારું માથું દુઃખવા આવશે, અને તાવ પણ આવે. એ બેચેનીની લાગણી પ્રકૃતિના કોઇ વિરોધને આભારી હોય છે. એ વિરોધને કેમ દૂર કરવો એ જો તમે જાણો તો એ લાગણીથી તમે એકદમ મુક્ત થઈ જશો. પણ જો તમે બીશો તો એમાંથી વધારે ખરાબ પરિણામ પણ આવે. ગમે તે પ્રકારનો અનુભવ થાય, પરંતુ તમારે ભયને તો સ્થાન આપવું જ ન જોઈએ. તમારે અડગ વિશ્વાસ રાખવો જોઈએ, અને જે કાંઈ બને છે તે બનવું જરૂરી છે માટે બને છે એમ સમજવું જોઈએ. એક વાર રસ્તો પસંદ કર્યો એટલે એ પસંદગીના બધાં પરિણામો તમારે હિંમતભેર સ્વીકારવા જોઈએ. પરંતુ એક વાર તમે પસંદ કરો અને પછી પાછાં ડગલાં ભરો, વળી પાછા આગળ આવો અને વળી પાછા હઠો, એમ હમેશાં ડગમગતા રહો, હમેશાં શંકા કર્યા કરો; હમેશાં ડરતા રહો તો તમારી અંદર તમે પોતે જ વિસંવાદ ઉત્પન્ન કરશો, અને પરિણામે તમારી પોતાની પ્રગતિમાં તો મંદતા આવશે એટલું જ નહિ, પરંતુ મનમાં તથા પ્રાણમાં પણ સર્વ પ્રકારના ક્ષોભ જન્મશે તથા શરીરમાં અસુખ અને વ્યાધિ પણ આવશે.

❀

તમે જ્યારે એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમારી શ્વાસોચ્છ્વાસની ક્રિયા અટકી જતી હોય એવું લાગવાથી તમે ભયભીત બન્યા છો. તમારી અંદર આટલી બધી ભયની લાગણી રહેલી હોય તો આ માર્ગમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન પણ કરશો નહિ. માની લો કે એનું ખરાબમાં ખરાબ પરિણામ આવે, તો પણ શું થવાનું છે ? તમે કદાચ મૃત્યુ પામો – અને પછી ? તમે મૃત્યુ પામી જાવ તો કઈ મોટી આપત્તિ આવી પડવાની છે ? આપણો યોગ બાયલાઓ માટે નથી; તમારામાં જો હિંમત ન હોય તો તમે આ માર્ગ છોડી દો એ જ તમારે માટે સારું છે – કારણ તમારો ભય તમારે માટે ભારે અનર્થ રૂપ પુરવાર થશે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃષ્ઠ ૬૧-૬૨, પૃષ્ઠ-૧૦૦, CWM Vol-14 P.259)

માંદગી અને ડર

તમારે બિલકુલ ભય ન રાખવો. તમારી ઘણીખરી મુશ્કેલીઓ ભયમાંથી આવે છે. હકીકતમાં નેવું ટકા માંદગીઓ શરીરના અવચેતન ભાગમાંથી આવતા ભયને પરિણામે આવે છે. શરીરની સામાન્ય ચેતનામાં થોડીઘણી પણ શારીરિક ખલેલનું પરિણામ ઓછા કે વત્તા પ્રમાણમાં ગુપ્ત ભયમાં રહેલું હોય છે. ભાવિ વિશેની શંકાને શબ્દોમાં આ રીતે મૂકી શકાય, ''અને હવે શું બનશે ?'' આ ચિંતાની બરાબર ચકાસણી કરવી જોઈએ. ચિંતાનું કારણ પ્રભુમાં વિશ્વાસની ખામી છે અને એ ચોક્કસ નિશાની છે કે સમર્પણ પૂરેપૂરું અને પૂર્ણ નથી.

આ અવચેતન ભીતિના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વ્યવહારુ રીત એ છે કે જ્યારે આવી કોઈ વસ્તુ સપાટી ઉપર આવે ત્યારે દરેક વખતે સ્વરૂપના વધારે પ્રકાશિત ભાગે શરીરને, પ્રભુકૃપામાં સંપૂર્ણ વિશ્વાસની જરૂરિયાત સમજાવવી, એવી શ્રદ્ધા કે આ કૃપા કાયમ આપણા પોતાના માટે તેમ જ બીજા બધામાં પણ કાયમ કાર્ય કરી રહી છે. અને વ્યક્તિએ પ્રભુના સંકલ્પને સંપૂર્ણ રીતે અને નિઃસંકોચપણે સમર્પણ કરવાનો નિશ્ચય કરવો જોઈએ.

શરીરે જાણી લેવું જોઈએ અને તેને ખાતરી થવી જોઈએ કે તેનું સારતત્ત્વ દિવ્ય છે અને જો પ્રભુના કાર્યના માર્ગમાં કોઈ વિઘ્ન ન મૂકવામાં આવે તો આપણને કોઈ પણ વસ્તુ ઈજા કરી શકે નહિ. જ્યાં સુધી બીકનું પુનરાવર્તન અટકી જાય ત્યાં સુધી આ પ્રક્રિયા ધીરજથી વારંવાર કરવી જોઈએ અને તેમ છતાં જો માંદગી માથું ઊંચું કરે તો તેની તાકાત અને સમય ઠીક ઠીક પ્રમાણમાં ઓછા થશે અને તે ચોક્કસ પરાજય પામશે.

જ્યારે શરીરમાં અવ્યવસ્થા થાય ત્યારે માણસે ડરવું ન જોઈએ; માણસે તેનાથી દૂર નાસી જવું ન જોઈએ. એક હિંમત, સ્થિરતા અને વિશ્વાસથી તેનો સામનો કરવો જોઈએ અને એવી ખાતરીથી કે તે જૂઠાણું છે અને જો કોઈ તેના પ્રત્યે પૂર્ણ ખાતરીથી અને પ્રભુકૃપાથી સંપૂર્ણ સ્થિરતાથી તેની સામે જુએ તો પ્રભુકૃપા આ કોષોમાં સ્થિર થશે તેમ જ સ્વરૂપના ઊંડાણમાં સ્થપાશે અને શરીરના કોષો પણ શાશ્વત સત્ય અને પરમાનંદમાં ભાગ લેતા થશે.

સાચું દર્દ ભય છે. ભયને બહાર ફેંકી દો અને રોગ ચાલ્યો જશે.

મધુર માતાજી, જ્યારે માણસ માંદગીને આવતી જુએ ત્યારે તે તેને કેવી રીતે અટકાવી શકે ?

આહ ! પ્રથમ, માંદગી મારે નથી જોઈતી એવી ઇચ્છા તમારે કરવી જોઈએ; શરીરમાં કોઈ પણ વસ્તુએ માંદગી ન ઇચ્છવી જોઈએ. માંદા ન પડાવાનો તમારામાં બળવાન સંકલ્પ હોવો જોઈએ. આ પહેલી શરત છે.

બીજી શરત એ છે કે તમારે સમતુલા, શાન્તિ ને પ્રકાશ બોલાવવો જોઈએ, તેને શરીરના બધા કોષાણુઓમાં ધકેલવો જોઈએ, બધા કોષાણુઓને ન ડરવાની આજ્ઞા કરવી જોઈએ, કારણ કે તે પણ એક શરત છે.

પ્રથમ માંદા ન પડવાનો સંકલ્પ કરવો, અને પછી માંદગીથી ડરવું નહિ. તમારે માંદગીને આકર્ષવી ન જોઈએ, ને તેનાથી ધ્રુજારી પણ ન અનુભવવી જોઈએ. 'મારામાં બિલકુલ માંદગી ન આવે' એવી તમારે ઇચ્છા કરવી જોઈએ, પણ તે ઇચ્છા ભયને કારણે ન કરવી જોઈએ. તમારે ડરવું જોઈએ નહિ.

તમારામાં એવી શાન્ત ખાતરી અને પરિપૂર્ણ વિશ્વાસ હોવાં જોઈએ કે ભગવાનની કૃપાની શક્તિ દરેક વસ્તુથી મારી રક્ષા કરશે; પછી તમારે બીજી જ કોઈ વસ્તુનો વિચાર કરવો જોઈએ, માંદગીની જરા પણ ફિકર ન કરવી જોઈએ. જ્યારે તમે આ બે વસ્તુઓ કરશો, તમારા સઘળા સંકલ્પપૂર્વક માંદગીનો ઇન્કાર અને ભગવાનની કૃપામાં વિશ્વાસ, ત્યારે તમારા શરીરના બધા કોષાણુઓમાંથી ભય તદ્દન દૂર થઈ જશે; પછી તમારે બીજા કોઈ કાર્યમાં ગુંથાઈ જવું, માંદગીનો જરા પણ વિચાર ન કરવો, તેના અસ્તિત્વને તદ્દન ભૂલી જવું. જો તે કેવી રીતે કરવું તે તમે જાણી લો, તો તમે ગમે તેવા ચેપી રોગવાળા માણસોના સંપર્કમાં આવશો, છતાં પણ તેમનો ચેપ તમને લાગશે નહિ. પણ તે કેવી રીતે કરવું તે તમારે જાણવું પડશે.

ઘણા લોકો કહે છે કે, ''હા આ બાબતમાં હું ડરતો નથી. તેમને મનમાં કોઈ પ્રકારનો ભય નથી હોતો, તે બળવાન છે, તે નિર્ભય છે; પણ તેમનું શરીર ધ્રુજવા માંડે છે, તેમના શરીરમાં કોષાણુઓની ધ્રુજારી ચાલુ રહે છે. ભયંકર ચિંતાથી તેમનું શરીર કંપે છે; આ વસ્તુ માંદગીને આકર્ષે છે. તમારે ત્યાં તમારી શક્તિને મૂકવી જોઈએ, પરિપૂર્ણ શાન્તિ અને ભગવાનની કૃપામાં પરિપૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ. પછી કેટલીકવાર ''શારીરિક જગત રોગોથી ભરપૂર છે, આ રોગો ચેપી છે, હું અમુક ચેપી રોગવાળા માણસના સંપર્કમાં આવ્યો હતો, એટલે તે ચેપ મને જરૂર લાગવાનો; આંતર પદ્ધતિઓ શારીરિક પર કાર્ય કરી શકવા જેટલી બળવાન નથી હોતી,'' વિચારમાં રહેતા આ પ્રકારનાં સર્વ સૂચનોને તેવી જ કોઈક શક્તિ વડે ભગાડી મૂકવાની તમને ફરજ પડે છે. હવા સર્વ પ્રકારની મૂર્ખાઈઓ વડે સભર ભરેલી છે. આ સામૂહિક સૂચનો છે, જે એક માણસ પાસેથી બીજા માણસ પ્રત્યે જતાં હોય છે. અને જો ભોગજોગે ત્યાં બે-ત્રણ ડૉક્ટરો હોય, તો તો તે ભયંકર બની જાય છે. (હસાહસ)

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૫ પૃષ્ઠ ૧૧૬-૧૭ ગ્રંથ-૭ પૃષ્ઠ ૧૫૦-૫૧ અને ગ્રંથ-૫ પૃષ્ઠ ૨૬૮-૭૦)

પ્રાણમય સૃષ્ટિ અને ઓથાર

પ્રાણમય સત્ત્વો સ્થૂલ ભૂમિકાથી પર એવા જગતમાં વસતાં હોય છે, અને એ ભૂમિકામાં માનવ જો અજાણ્યે દાખલ થાય તો તદ્દન ભૂલા પડ્યા જેવો, નિરાધાર અને રક્ષણ વિનાનો થઈ પડે છે. સ્થૂળ દેહમાં માણસ નિશ્ચિત અને સુરક્ષિત છે. તેનો પાર્થિવ દેહ તેનું રક્ષણ છે. કેટલાક લોકોને પોતાના દેહ પ્રત્યે ભારે તિરસ્કાર હોય છે. તેઓ એમ માને છે કે મૃત્યુ પછી સ્થૂલ દેહની ગેરહાજરીમાં બધું સરસ થઈ જશે અને સાધના પણ સહેલી બનશે, પરંતુ ખરું જોતાં સ્થૂલ દેહ તમારો કિલ્લો છે, તમારું આશ્રયસ્થાન છે. જ્યાં સુધી તમે સ્થૂલ દેહમાં હો છો ત્યાં સુધી પ્રાણમય લોકનાં વિરોધી સત્ત્વોને તમારા ઉપર સીધેસીધી પકડ મેળવવામાં મુશ્કેલી રહે છે. રાત્રે બિહામણાં સ્વપ્ન આવે છે તે શું હોય છે ? પ્રાણની સૂક્ષ્મ ભૂમિકામાં માનવ રખડવા નીકળે છે તેના પરિણામ રૂપે એવાં સ્વપ્ન આવે છે. અને એવા બિહામણા સ્વપ્નમાં, ઓથારમાં, સૌથી પ્રથમ તમે શું કરો છો ? તમે તમારા શરીરમાં ધસી આવો છો, અને સ્થૂલ ચેતનાની સામાન્ય જાગ્રત અવસ્થામાં આવી જાઓ છો. પરંતુ પ્રાણમય ભૂમિકામાં તમે અજાણ્યા જેવા હો છો, કશા હોકાયંત્ર અને સુકાન વિના તમે પ્રાણના અફાટ સાગરમાં અથડાતા હો છો.

❀

તમારે યાદ રાખવું જોઈએ કે સ્વપ્નોમાં તમે પ્રાણમય જગતનાં દિશા અને કાળમાં હો છો; તમે જાણે કે તમારા ભૌતિક દેહમાં છો એમ માનીને વર્તવું ન જોઈએ. ત્યાંની પરિસ્થિતિનું તમને જરૂર પૂરતું જ્ઞાન હોય તો જે પ્રાણિક સત્ત્વો તમને બીવડાવે છે એ તમને આવાં દુઃસ્વપ્નો આપે છે, તેમની સાથે અસરકારક રીતે વર્તી શકો. પ્રાણમય દિશા અને કાળમાં થતી વિલક્ષણ પ્રવૃત્તિઓમાંની એક એ છે કે આ બધાં સત્ત્વો પોતાની ઇચ્છાશક્તિ મુજબ મોટી આકૃતિઓ ધારણ કરી શકે છે, તમારામાં ભયનાં આંદોલનો પ્રગટાવી શકે છે, અને આમ તમારા પર આક્રમણ કરીને તમને વશ કરવાના તેમના એ ઘણાં શક્તિશાળી સાધનો છે. વિકરાળ ભ્રાંતિ ખડી કરવાની તેમની શક્તિને તમારે મનમાં રાખવી જોઈએ અને બધા ભય ટાળવા જોઈએ. એક વાર તમે હિંમતપૂર્વક ડગ્યા વગર તેમનો સામનો કરો, તેમની આંખોમાં સીધી નજર પરોવો, તો તેમની ત્રણ ચતુર્થાંશ શક્તિ ચાલી

જશે. અને જો તમે અમને મદદ માટે બોલાવો તો બાકીનો એક ચતુર્થાંશ ભાગ ચાલ્યો જશે. પછી એ તત્ત્વો કાં તો ભાગી જશે, કાં તો વિલીન થઈ જશે. મારો એક મિત્ર હતો. તે પોતાના પ્રાણમય દેહમાં બહાર જવાને ટેવાઈ ગયેલો, તેણે મને એક વાર ફરિયાદ કરી કે રાક્ષસી વાઘનો હંમેશા સામનો કરવો પડતો, તેને લઈને તેની રાત્રિ મુશ્કેલ થઈ જતી. મેં તેને બધો ભય કાઢી નાખવા જણાવ્યું, તે પ્રાણીની સામે સીધેસીધા જઈને તેની સામે તાકવાનું કહ્યું, - જરૂર પડે તો અલબત્ત, મદદ માટે મને બોલાવવા કહ્યું. તેણે એમ કર્યું અને આશ્ચર્ય સાથે તે વાઘ એકદમ નાનકડી બિલાડીમાં ફેરવાઈ ગયો !

પ્રાણમય સત્ત્વની સામે નિર્ભયપણે તાકીને જોવાની અત્યંત જાદુઈ અસર વિશે તમને ખ્યાલ નહિ આવે. પૃથ્વી પર જેમને આપણે સામાન્ય રીતે પ્રાણીઓ કહીએ છીએ તે બધાં પ્રાણિક શક્તિનાં સ્વરૂપોની સામે તમે આમ વર્તી શકો, તો સહેલાઈથી પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે તેમ છે. એક જીવતો-જાગતો વાઘ સહેજ પણ ગભરાયા વગર તેની આંખોમાં તમે નજર પરોવી શકો તો ક્યાંય ભાગી જશે. સહેજ પણ ડર વગર તમે જો સાપની આંખોમાં આંખો પરોવી શકશો તો તમને તે કદાપિ ડંખ નહિ દઈ શકે. ધ્રૂજતા પગે તેની સામે આમ માત્ર જોયે નહિ પતે. તમારામાં કયાંય જરાય ક્ષોભ ન હોવો જોઈએ; તેની અત્યંત ડરામણીમાં તમને સપડાવવા પોતાનું માથું હલાવતો હોય ત્યારે તેની નજર સામે તમારે શાંત રહેવું જોઈએ. મનુષ્યની આંખોમાં રહેલા પ્રકાશની પ્રાણીઓને ખબર હોય છે. જો તેને યોગ્ય રીતે સંચાલિત કરવામાં આવે તો તેને તેઓ સહી શકતાં નથી. જો દૃષ્ટિ સ્થિર અને ભયહીન હોય તો મનુષ્યની નજરમાં રહેલી શક્તિ તેમને નાકામિયાબ બનાવી દે છે.

એટલે હવે સારાંશમાં બે વાતો યાદ રાખો : કદાપિ, કદાપિ બીતાં નહીં અને બધા સંજોગોમાં તમારા બળને સોગણું કરવા માટે સાચી મદદની માગણી કરો.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૩, પેજ ૫૧, ને પેજ ૧૭૯-૮૦)

કેળવણી આપતી વખતે ભયનો ઉપયોગ

તમારી અને તમારા બાળક વચ્ચે ભયનું તત્ત્વ દાખલ થઈ જાય એમ તો કદી ન થવા દેશો. બીકના પાયા ઉપર કેળવણીનું મંડાણ કરવું એ તો મહા જોખમનો માર્ગ છે. બીકમાંથી બાળક હમેશાં અસત્યનો અને દંભનો આશ્રય લેવા લાગે છે. બાળક પ્રત્યે તમારો પ્રેમ એવો હોય કે તેમાં સ્પષ્ટ દૃષ્ટિ રહેલી હોય, તે દૃઢ હોય અને છતાં કોમળ હોય, તમારામાં આવો પ્રેમ અને પૂરતું વ્યવહારુ જ્ઞાન હશે તો તમારી અને બાળકની વચ્ચે એક વિશ્વાસની ગાંઠ બંધાશે. એવા વિશ્વાસ વિના તમે તમારા બાળકને કેળવી નહિ શકો.

❀❀❀

બાળકને આપણે એક બીજી વસ્તુ પણ છેક બચપણથી શીખવવાની છે : એ છે સ્વચ્છતા માટેની, આરોગ્ય ભરી ટેવો માટેની ચાનક. પરંતુ આરોગ્યના નિયમો પ્રત્યે, સ્વચ્છતા પ્રત્યે આ રસ જગાડવા જતાં બાળકમાં માંદગીનો ડર તમે દાખલ ન કરી દો તે બાબત ખૂબ જ સાવધાન રહેવાનું છે. કેળવણી માટે ભયને પ્રેરક તત્ત્વ બનાવવું એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. કોઈ વસ્તુથી ડરવું તે એ વસ્તુને આપણી તરફ ખેંચવાનો સારામાં સારો માર્ગ છે.

❀❀❀

દરેક બાળકે કજિયો - કંકાસ કરવાનું બંધ કરવું જોઈએ. એણે એ શીખવું જોઈએ કે કોઈ તેને શિક્ષા કરશે એવી બીકથી નહિ પણ કજિયા કરવા એ શરમજનક વસ્તુ છે એમ સમજીને એણે સારું વર્તન કરવું જોઈએ.

સમજીને સારું વર્તન કરવામાં એ સાચી પ્રગતિ કરે છે. બીકથી સારું વર્તન કરવાના પ્રસંગે બાળકનું માનવ ચેતનામાં એક પગથિયું અધઃપતન થાય છે, કારણ કે ભય પામવું એ જાતે જ ચેતનાનું પતન છે.

❀❀❀

શ્રી માતાજી

(CWM Vol, 12, P-11, 14, 364)

મૃત્યુનો ભય અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનાં ચાર સાધનો

સામાન્ય રીતે કહીએ તો માણસની પ્રગતિને રોકનારું સૌથી મોટું વિઘ્ન કોઈ હોય તો તે કદાચ ભય છે. આ ભય ઘણી વિવિધ રીતના અસંખ્ય પ્રકારના હોય છે. એમાં વળી આંતર વિરોધી તત્ત્વો પણ હોય છે. એ ભયની પાછળ કોઈ તર્કદૃષ્ટિ નથી હોતી, કોઈ કારણો નથી હોતાં. ઘણી વાર તો તેની પાછળ કોઈ જ બુદ્ધિગમ્ય વસ્તુ હોતી નથી. આ બધા ભયમાં સૌથી વધુ સૂક્ષ્મ રીતનો અને માણસને સૌથી વધુ વળગી રહેનારો ભય તે મૃત્યુનો ભય છે. આ ભયનાં મૂળ અવચેતનામાં ઊંડે ઊંડે પડેલાં હોય છે અને તે સ્થળેથી તેને નિર્મૂળ કરવો એ એક મહા અઘરી વસ્તુ છે. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે એ ભય પરસ્પરમાં ભળી જતાં ઘણાં એક તત્ત્વોનો બનેલો છે. માણસમાં હમેશાં એક સંરક્ષણવૃત્તિ કામ કરે છે, ચેતનાનું સાતત્ય જાળવી રાખવાને માટે આત્મ-રક્ષણ કરવાની માણસને હમેશાં ઇન્તેજારી રહે છે. એ ઇન્તેજારી તેને હરેક અજાણી વસ્તુ તરફથી પાછો ધકેલી મૂકે છે. કોઈ અણધારી અને ગણતરી બહારની વસ્તુ આવી પડતાં માણસ બેચેની અનુભવવા લાગે છે. અને કદાચ આ બધાની પાછળ, માણસના શરીરના કોષોનાં છેક ઊંડાણમાં એ સહજવૃત્તિ પણ છુપાઈ રહેલી હોય છે કે મૃત્યુ એ કોઈ અપરિહાર્ય વસ્તુ નથી, જો અમુક શરતો પૂરી કરી શકાય તો મૃત્યુને જીતી પણ શકાય છે. આ બધાં તત્ત્વો પરસ્પર ભળી જઈને આપણામાં ભયનું સર્જન કરે છે. જો કે, ખરી વાત તો એ છે કે આ બધી વસ્તુઓ ઉપર વિજય મેળવવામાં ભય પોતે જ એક મોટું વિઘ્ન બની રહે છે. કેમ કે આપણે માત્ર તે જ વસ્તુને જીતી શકીએ કે જેનો આપણને ભય ન લાગતો હોય. અને એ રીતે જોતાં જે માણસને મૃત્યુનો ભય લાગતો હોય છે તેના ઉપર મૃત્યુએ કયારનો યે વિજય મેળવી લીધો હોય છે.

તો આ ભયમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય ? એ મુક્તિ મેળવવા માટે આપણે કેટલીક પદ્ધતિઓ અખત્યાર કરી શકીએ છીએ. પરંતુ આ વિષયના વિચારમાં ઊતરીએ તે પહેલાં આ મહા પુરુષાર્થમાં આપણને મદદ રૂપ થઈ પડે

તેવા કેટલાક મૂળભૂત વિચારો આપણી નજર સમક્ષ આપણે રાખીશું. આપણે સૌથી પ્રથમ તો એ જાણવું જોઈએ કે જીવન એ એક અખંડ પદાર્થ છે, અમર વસ્તુ છે. આ એક અત્યંત મહત્ત્વનું જ્ઞાન છે. જે નાશ પામે છે તે તો રૂપો છે. આ અખંડ એકરૂપ જીવનતત્ત્વે જગતમાં અનંત રૂપો ધારણ કરેલાં છે અને એ રૂપોમાં ક્ષણિકતા અને ભંગુરતા રહેલી છે. આપણા મનમાં આ જ્ઞાન આપણે બરાબર સુદૃઢ રીતે હમેશને માટે સ્થાપિત કરી લેવું જોઈએ અને આપણી ચેતનાને આ સર્વ રૂપોથી સ્વતંત્ર રહેનાર અને છતાં એ રૂપો દ્વારા પોતાનો આવિર્ભાવ કરતા પેલા શાશ્વત જીવન સાથે આપણાથી બને તેટલી એકરૂપ કરી લેવી જોઈએ. આપણામાં આ જ્ઞાન સ્થિર થઈ જતાં આપણને એક અત્યંત આવશ્યક એવી માનસિક ભૂમિકા પ્રાપ્ત થાય છે, અને એ ભૂમિકા ઉપરથી આપણે આ પ્રશ્નનો સામનો કરવાનો છે, કેમ કે એ પ્રશ્નનું અસ્તિત્વ પણ એ મનોમય ભૂમિકામાં જ છે. આપણી આંતર ચેતના ભય માત્રથી પર થઈ જવાય એટલો પ્રકાશ પામી ગઈ હોય તો પણ આ ભય આપણા શરીરના કોષોની અંદર જઈને પણ સંતાઈ રહેતો હોય છે. ત્યાં, શરીરના કોષોમાં તે એક અસ્પષ્ટ રૂપે પડી રહે છે, આપણી બુદ્ધિની નજર ચુકાવીને તે આપોઆપ જ પોતાની ક્રિયા કરતો રહે છે. એની ક્રિયાઓ ઘણી વાર તો લગભગ અચેતન રીતની જ હોય છે. આ અંધારા ઊંડાણોમાંથી આપણે આ ભયને શોધી કાઢી તેને પકડમાં લેવાનો છે. અને તેના ઉપર ચૈતન્યનો તથા અટલ શ્રદ્ધાનો પ્રકાશ નાખવાનો છે.

આ રીતે ત્યારે જીવન પોતે તો કદી મૃત્યુ પામતું નથી, માત્ર તેનાં બાહ્ય રૂપોનું જ વિસર્જન થાય છે. આપણી સ્થૂલ ચેતના આ રૂપોના વિસર્જનથી ડરે છે. પણ આપણે એ વાત ધ્યાનમાં રાખી શકીએ કે આ બાહ્ય રૂપ એ તો એક સતત બદલાતી વસ્તુ છે. તેમ જ એના આ આ સતત પરિવર્તનની ક્રિયાને તમે હમેશાં પ્રગતિની દિશામાં જ ગતિ કરતી કરી શકો તો તે ગતિને પણ કોઈ અટકાવી શકે તેમ નથી. મૃત્યુની ઘટનાને તમારે અનિવાર્ય તરીકે મટાડવી હોય તો તે માટેનું એકમાત્ર સાધન તે આ જ છે : શરીરની પરિવર્તનની ક્રિયાને તમે પ્રગતિશીલ રૂપની બનાવો. પરંતુ આવું પરિવર્તન સિદ્ધ કરવું એ એક અતિ કઠણ કાર્ય છે. એને માટે જે શરતો પૂરી થવી જોઈએ તે અલ્પ માણસો જ કરી શકે તેમ છે. આમ મૃત્યુના ભયને જીતવાની પદ્ધતિ પ્રત્યેક પરિસ્થિતિમાં, તેમ જ હરેક માણસની ચેતનાની અવસ્થા મુજબ જુદી જુદી રીતની રહેશે. આ બધી પદ્ધતિઓને ચાર મુખ્ય વિભાગમાં વહેંચી શકાય તેમ છે, વળી એ દરેક વિભાગમાં પણ પાછી બીજી ઘણી વિવિધ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. જો કે

ખરું જોતાં તો આ માટે દરેક માણસે પોતે જ પોતાની આગવી પદ્ધતિ ઉપજાવવાની રહે છે.

આ પદ્ધતિઓમાંથી પ્રથમ પદ્ધતિ આપણે બુદ્ધિ દ્વારા પ્રયોજી શકીએ છીએ. આપણી બુદ્ધિને તે સ્વીકાર્ય બને તેવી હોય છે. તમે કહી શકો છો કે અત્યારે જગત જે રીતનું છે તે જોતાં મૃત્યુ એ એક અનિવાર્ય જેવી ઘટના છે. જે શરીર જન્મ પામેલું છે તે કોઈને કોઈ દિવસ મૃત્યુ પામવાનું જ છે અને લગભગ દરેક માણસનું મૃત્યુ જે વખતે થવાનું હોય છે તે જ વખતે આવીને ઊભું રહેવાનું છે. તેના આગમનને તમે એક ક્ષણ વહેલું કરી શકવાના નથી તેમ જ એક ક્ષણ પાછું પણ ઠેલી શકવાના નથી. કોઈને જલ્દી મરી જવું હોય છે તોપણ તેણે મૃત્યુ માટે કેટલો યે વખત રાહ જોવી પડે છે અને કોઈને મરવું નથી હોતું, મરણનો પુષ્કળ ડર લાગતો હોય છે તોપણ, તે માણસ મૃત્યુથી બચવા માટે ગમે તેટલી સાવચેતીઓ રાખે છે છતાં મૃત્યુનો પંજો તેના ઉપર એકાએક અણધાર્યો આવીને પડે જ છે. આમ હરેક માણસના મૃત્યુની ઘડી જાણે કે અફર રીતે લખાઈ ચૂકેલી દેખાય છે. આમાં માત્ર જેમની પાસે સામાન્ય માણસના કરતાં કાંઈ વિશેષ અસાધારણ શક્તિઓ હોય છે તેવા વિરલ મનુષ્યો જ અપવાદ રૂપે હોઈ શકે છે. આ સ્થિતિમાં બુદ્ધિ આપણને એ વાત શીખવે છે કે જે વસ્તુને આપણે ખાળી શકતા નથી તેનાથી બીવું એનો કશો જ અર્થ નથી. માણસ પાસે તો માત્ર એક જ રસ્તો છે અને તે એ કે મૃત્યુ થવાનું જ છે એ વિચારનો સ્વીકાર કરી લેવો અને ભવિષ્યમાં શું થવાનું છે તેની ચિંતા કર્યા વિના પોતે જે કાંઈ ઉત્તમ કાર્ય કરી શકે તે રોજ બ રોજ, ક્ષણે ક્ષણે શાંતિથી કર્યે જવું, જે બુદ્ધિપ્રધાન માણસો બુદ્ધિના નિયમો પ્રમાણે વર્તન કરવાને ટેવાયેલા હોય છે તેમને માટે આ પદ્ધતિ બહુ જ અસરકારક નીવડે તેવી છે. પરંતુ જે લોકો લાગણી પ્રધાન છે, લાગણીઓમાં અને લાગણીઓના કાબૂ હેઠળ જ જીવતા હોય છે તેમને માટે આ પદ્ધતિ એટલી બધી અસરકારક નીવડશે નહિ. આવા લોકોએ પછી બીજી પદ્ધતિનો આશ્રય લેવો જોઈએ. આ બીજી પદ્ધતિ તે આંતર નિરીક્ષણની પદ્ધતિ છે. આપણી સર્વ લાગણીઓથી ઉપર, આપણા સ્વરૂપનાં નીરવ અને શાંત ઊંડાણોમાં એક પ્રકાશ અખંડ પ્રકાશમાન બેઠેલો છે. એ છે અંતરાત્માની ચેતનાનો - ચૈત્ય ચેતનાનો પ્રકાશ. આ પ્રકાશની શોધમાં નીકળો, એના ઉપર એકાગ્રતા સાધો. તમારી અંદર એ બેઠેલો છે, તમે બરાબર ખંતીલા સંકલ્પથી મંડ્યા રહેશો તો અવશ્ય એ તમને મળી આવશે. એ પ્રકાશમાં દાખલ થતાં વેંત જ તમારામાં અમૃતત્ત્વનું ભાન જાગૃત

થશે. તમને લાગશે કે તમે હમેશાં જીવતા રહેલા છો અને સદા યે જીવંત રહેવાના છો. આ જ્ઞાન થતાં તમે હવે તમારા શરીરથી સંપૂર્ણ સ્વતંત્ર બની રહો છો. તમારું સચેતન જીવન હવે તમારા શરીર ઉપર આધાર નથી રાખતું. તમે જુઓ છો કે તમે તો અનેક શરીરો મારફતે તમારો આવિર્ભાવ કરતા રહેલા છો અને તમારું આ શરીર તે એ અનેક નાશવંત શરીરમાંનું એક છે. મૃત્યુ એ હવે કોઈ શૂન્યમાં લય નથી, એ તો માત્ર એક અવસ્થાન્તર છે. આ જ્ઞાન થતાં વેંત જ ભય અદૃશ્ય થઈ જાય છે અને તમે મુક્ત મનુષ્ય બનીને, એ મુક્તિનો સ્વસ્થ વિશ્વાસ ધારણ કરીને જીવનમાં આગેકૂચ કરવા લાગો છો.

ત્રીજી પદ્ધતિ તે શ્રદ્ધાનો માર્ગ છે. જે લોકોને પ્રભુમાં શ્રદ્ધા હોય છે, પોતાના ઇષ્ટ દેવને ચરણે જેમણે પોતાનું સમસ્ત જીવન અર્પણ કરી દીધું હોય છે તેવા લોકો આ પદ્ધતિનો આશ્રય લઈ શકે છે. આવા ભક્તો તે પૂરેપૂરા પ્રભુના જ બની ગયેલા હોય છે. તેમના જીવનમાં બનતી સર્વ ઘટનાઓ તે પ્રભુના દિવ્ય સંકલ્પનો જ આવિર્ભાવ હોય છે. એ ઘટનાઓને તેઓ એક શાંતિમય સમર્પણપૂર્વક સ્વીકારી લે છે, એટલું જ નહિ પણ તે બદલ તેઓ એક કૃતજ્ઞ ભાવ પણ અનુભવે છે. કેમ કે એ લોકોને તો એ શ્રદ્ધા બેસી ચૂકી હોય છે કે પોતાના જીવનમાં જે જે કાંઈ બને છે તે તેમના ભલાને ખાતર જ બનતું હોય છે. આવા મનુષ્યોને પોતાના પ્રભુમાં, એ પ્રભુ સાથેના અંગત સંબંધમાં એક ગૂઢ વિશ્વાસ હોય છે. એમણે પોતાની સંકલ્પશક્તિને સંપૂર્ણપણે પ્રભુની સંકલ્પશક્તિના હાથમાં સોંપી દીધેલી હોય છે અને પોતાને જીવન રૂપી કે મૃત્યુ રૂપી ભલે ગમે તેટલા અકસ્માતો પ્રાપ્ત થતા રહે તોપણ તેઓને પ્રભુના અવિકારી પ્રેમનો તથા સતત રક્ષણનો અનુભવ થતો રહે છે. તેમને એ એક અખંડ અનુભૂતિ રહેતી હોય છે કે પોતે પોતાના પ્રિયતમનાં ચરણોમાં પૂર્ણ સમર્પણપૂર્વક વસી રહેલા છે, એ પ્રિયતમના બાહુમાં લપાઈ રહેલા છે અને ત્યાં તેઓ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે. તેમની ચેતનામાં હવે ભયને, ચિંતાને કે દુઃખને લેશ પણ સ્થાન હોતું નથી. તેમનામાંથી એ બધી વસ્તુઓ ચાલી ગયેલી હોય છે અને એક સ્વસ્થ અને પ્રસન્ન આનંદમયતા તેમનામાં આવેલી હોય છે.

પરંતુ આવા પરમ ભક્ત બનવાનું સદ્‌ભાગ્ય હરેક માણસનું નથી હોતું.

અને હવે આપણે છેલ્લી પદ્ધતિ જોઈએ. એ છે સંગ્રામની પદ્ધતિ, અને જે

જન્મથી જ યોદ્ધા હોય તેવાને માટે જ તે કામની છે. આવા મનુષ્યો જીવનને છે તેવું ને તેવું સ્વીકારી શકતા નથી. પોતે અમૃતત્ત્વને મેળવવાને જન્મેલા છે, એક પૂર્ણ અમૃતત્ત્વને અને તે આ પૃથ્વી ઉપર, આ વાત તેમની નસોમાં ધબકી રહેલી હોય છે. એમનામાં એક પ્રકારનું એવું સહજ જ્ઞાન હોય છે કે મૃત્યુ એ તો આપણને પડેલી એક ખોટી ટેવ છે અને તેને જીતવાનો નિશ્ચય કરીને તેઓ જન્મેલા લાગે છે. પરંતુ આ વિજય મેળવવો એ એક મહા વિષમ કાર્ય છે. એ માટે એક ઘણા ઉગ્ર અને સૂક્ષ્મ પ્રકારના શત્રુઓની સેના સામે મરણતોલ જંગ ખેલવાનો રહે છે. અને આ જંગ તે સતત, કહો કે હરપળે ખેલવાનો રહે છે. જેનામાં કોઈ મહાન અદમ્ય આત્મા આવેલો હોય તેવા માણસે જ આ જંગ માટેનું બીડું ઝડપવું જોઈએ. આ યુદ્ધ અનેક મોરચાઓ ઉપર તેમ જ જુદી જુદી ભૂમિકાઓ ઉપર ખેલાતું હોય છે, અને એ ભૂમિકાઓ એકબીજામાં ભળી જતી હોય છે, તેમ જ એકબીજાની પૂરક પણ હોય છે.

આ પદ્ધતિમાં આપણે જે પ્રથમ લડાઈ ખેલવાની આવે છે તે પોતે જ એક મહા ભીષણ લડાઈ છે. એ લડાઈ આપણા મને જગતમાં પડેલા એક પ્રચંડ સૂચન સામે ખેડવાની છે. એ સૂચન આખાયે માનવસમુદાયમાં વ્યાપી રહેલું છે, એ સૂચન મહા પ્રચંડ છે, મહાકાય છે, દુર્ઘર્ષ છે, માણસને ગૂંગળાવી નાખે તેવું, વિવશ કરી નાખે તેવું છે. માનવજાતિના હજારો વર્ષોના અનુભવમાંથી તેનો જન્મ થયેલો છે. કુદરતના એક એવા નિયમને આધારે તે સરજાયું છે કે જે નિયમમાં હજી સુધી કોઈ અપવાદ બનતો દેખાયો નથી. એ સૂચન પોતાની વાત આ રીતે ભાવપૂર્વક રજૂ કરે છે : જુઓ ભાઈ, આ વાત તો હમેશાં બનતી જ આવેલી છે. એમાં કાંઈ મીનમેખ થઈ શકે તેમ જ નથી. મૃત્યુ તો એક અનિવાર્ય ઘટના છે, અને એની અનિવાર્યતાને તમે મટાડી શકો એવી આશા રાખવી એ તો ગાંડપણ છે. આ રીતનો સૂર આખું યે જગત એક મતે કાઢી રહેલું છે. આજ સુધીના આપણા કોઈ મહાનમાં મહાન વિદ્વાને પણ આની સામે વિરોધનો સૂર ઉચ્ચાર્યો નથી કે ભાવિ માટે કોઈ આશા ઉદ્‌ગારી નથી. જગતના ધર્મોમાંથી તો ઘણાખરાએ મૃત્યુની હકીકતના આધાર ઉપર જ પોતાની બધી શક્તિ વિકસાવેલી છે. ધર્મો તો એમ જ કહેતા રહેલા છે કે માણસને પ્રભુએ મર્ત્ય બનાવેલો છે, અને એટલે માણસ મૃત્યુ પામે એ પ્રભુની જ ઇચ્છા છે. ઘણા ધર્મો તો મૃત્યુને મુક્તિના અને મોક્ષના દ્વાર તરીકે પણ વર્ણવે છે, અને કોઈ વાર તો મૃત્યુ ઈનામ રૂપે પણ મળે છે એમ સમજાવે છે. એમનો આદેશ તો આ રીતે આવે છે કે, હે માનવ,

પરમાત્માની ઇચ્છાને તું મસ્તક નમાવીને સ્વીકારી લે. લેશ પણ વિરોધ કર્યા વિના મૃત્યુના વિચારનો અંગીકાર કરી લે. અને તને શાંતિ અને સુખ મળશે. પરંતુ આ બધાં સૂચનોની સામે લડી લઈને આપણા મને પોતાને થયેલી અમૃતત્ત્વની પ્રતીતિમાં અવિચલ રહેવાનું છે અને એક મહા અણનમ સંકલ્પશક્તિ ટકાવી રાખવાની છે. જે મનુષ્ય મૃત્યુને જીતવાનો નિશ્ચય કરે છે તેના ઉપર આવાં સૂચનોની કશી અસર થતી નથી, પોતાને મળેલા ગંભીર આંતર દર્શનમાંથી તેનામાં જે અવિચલ શ્રદ્ધા બંધાઈ હોય છે તે શ્રદ્ધાને આવાં સૂચનો કશી આંચ લગાડી શકતાં નથી.

બીજી લડાઈ તે લાગણીઓના મોરચા પર લડવાની લડાઈ છે. જીવનમાં આપણે જે જે વસ્તુઓ સર્જેલી છે, જે જે વસ્તુને આપણે ચાહેલી છે તે સર્વ પ્રત્યેની આપણી સારી યે આસક્તિ સામે આ લડાઈ છે. જીવનમાં મહા મહેનતે, અથવા કદીક તો કોઈ પ્રચંડ પુરુષાર્થને પરિણામે તમે તમારું ઘર સર્જ્યું હોય છે, તમારી કારકિર્દી બાંધી હોય છે, સમાજમાં, સાહિત્યમાં, કળામાં, વિજ્ઞાનમાં કે રાજકારણમાં તમે ઘણું ઘણું કાર્ય કર્યું હોય છે. તમારી આસપાસ તમે સગાંસ્નેહીઓનું, મિત્રોનું, સાથીદારોનું, એક આખું મંડળ ભેગું કર્યું હોય છે, અને તેના કેન્દ્ર રૂપે તમે વિરાજતા હો છો. તમારા જીવનનો તમે વિચાર કરો છો ત્યારે તમને જણાય છે કે તમારા ચિત્તતંત્રમાં જેટલા તમે પોતે રમતા હો છો તેટલાં જ આ બધાં પણ રમતાં હોય છે. એ બધાંને જો તમારી પાસેથી હઠાવી લેવામાં આવે તો જોશો કે તમે જાણે સાવ શૂન્ય બની ગયા છો, જાણે કે તમારા પોતાના સ્વરૂપનો જ એક અત્યંત અગત્યનો અંશ અદૃશ્ય બની ગયો છે.

તમારે આ બધી વસ્તુઓ તજી દેવી જોઈએ એવો તો કોઈ પ્રશ્ન નથી. કારણ કે એ બધામાંથી તો, અથવા કાંઈ નહિ તો એમાંની મોટાભાગમાંની વસ્તુઓમાંથી તો તમારા જીવનની ભૂમિકા બંધાયેલી છે. આ બધું તો તમારા જીવનના એક લક્ષ્ય તરીકે, ધ્યેય તરીકે રહેલું છે. આમાં જે તજવાનું છે તે તો આ વસ્તુઓ પ્રત્યેની આસક્તિ છે. એ આસક્તિ ચાલી જતાં તમે જોશો કે તમારામાં એ વસ્તુઓ વિના પણ જીવન ગાળવાની શક્તિ ઉદય પામે છે, અથવા તો આ બધાં જો તમને મૂકીને ચાલ્યા જાય તો તમે બધા સંયોગો હેઠળ પણ તમારા માટે એક નવું જીવન ફરીથી ઊભું કરી શકો છો, અને જીવનનું આવું નવવિધાન તમે હરહમેશ કરતા રહી શકશો. આ છે અમૃતત્ત્વની પ્રાપ્તિનું પરિણામ. આ એક એવી

અવસ્થા હોય છે કે જેમાં તમે હરકોઈ વસ્તુ ખૂબ જ કાળજીપૂર્વક, ધ્યાનપૂર્વક પ્રયોજિત કરી શકો છો, અમલમાં લાવી શકો છો અને છતાં તે વસ્તુ અંગેની કામના અને આસક્તિમાંથી તમે મુક્ત રહી શકો છો અને આ વસ્તુ જ ખાસ મહત્ત્વની છે. તમારે જો મૃત્યુમાંથી મુક્ત રહેવું હોય તો પછી કોઈ પણ નાશવંત વસ્તુની અંદર તમે તમારી જાતને બંધાઈ જવા ન જ દઈ શકો.

લાગણીઓ પછી આવે છે સંવેદનોનો પ્રશ્ન. આ મોરચા પરનો જંગ તો ખરેખર ભયંકર છે. તમારી સામેના શત્રુઓ પણ અહીં મહા બળવાન છે. તમારી નાનામાં નાની નબળાઈઓ આ શત્રુની જાણમાં હોય છે અને તમારો જે કોઈ ભાગ ખુલ્લો અરક્ષિત પડેલો હોય છે ત્યાં ત્યાં તેઓ પ્રહાર કરતા જ રહે છે. આ મોરચા ઉપર તમે કોઈ વિજય મેળવો તોપણ તે ક્ષણિક પ્રકારનો જ વિજય નીવડે છે. અહીં તમારે એકની એક લડાઈ અનેક વાર, અનંત કાળ સુધી લડવાની રહે છે. તમે જે શત્રુને જીતી લીધેલો ગણતા હો છો તે જ શત્રુ ફરી ફરીને પાછો ઊભો થાય છે અને તમારા પર હુમલા કરતો રહે છે. તમે જોશો કે આ પૃથ્વી ઉપર બની રહેલા બનાવો, જીવનમાં તમને થતા રોજે રોજના અનુભવો એ બધું તમારાથી હમેશ વિરોધમાં જ જતું રહે છે ત્યારે તમારા ઉપર અતિશય ગ્લાનિ ચડી આવે છે, તમારો ઉત્સાહ ઓસરી જાય છે, જગત તમને સતત જાકારો આપતું રહે છે, તમને નિરાશા અને પરાજય મળતાં રહે છે. આ બધામાંથી પસાર થવા માટે તમારી પાસે એક પ્રચંડ ચારિત્ર્યબળ હોવું જોઈશે, તમારામાં એક અણથક સહનશક્તિ, અપાર તિતિક્ષા હોવી જોઈશે.

અને આપણે હવે આ સંગ્રામના સૌથી ભીષણ મોરચા પર આવીએ છીએ. એ છે જડતત્ત્વ સાથેની લડાઈ. આ લડાઈ આપણા શરીરની અંદર જ ખેલાઈ રહેલી છે. એ જંગ લેશ પણ વિરામ વિના, સુલેહના નામ પણ વિના ભયંકર રીતે ખેલાઈ રહેલો છે. માણસનો જન્મ થવાની સાથે જ એ લડાઈ શરૂ થઈ જાય છે, અને એ લડાઈના બે પક્ષોમાંથી કોઈ એકનો-રૂપાંતર વિધાયક શક્તિ અને વિસર્જનકારક શક્તિ એ બેમાંથી કોઈ એકનો - પરાજય થાય ત્યારે જ તેનો અંત આવી શકે છે. હું કહી ગઈ કે આ લડાઈ જન્મની સાથે જ શરૂ થઈ જાય છે, કારણ કે હકીકત એ છે કે આ સર્જક અને વિસર્જક શક્તિઓ તમે જગતમાં પ્રવેશ કરો છો તે જ ક્ષણેથી તમારામાં લડવા લાગી છે. માણસના શરીરમાં જે જે કાંઈ અસ્વસ્થતા, બીમારી, વિકૃતિઓ, અકસ્માતો આવે છે તે બધું ખરું જોતાં આ

વિસર્જક શક્તિની ક્રિયાનું જ પરિણામ હોય છે. અને એથી ઊલટું, આપણા શરીરમાં ચાલી રહેલી વૃદ્ધિની ક્રિયા, શરીરનો સુમેળભર્યો વિકાસ, વિરોધી શક્તિઓનો સામનો, રોગનું નિવારણ, બગડેલી શારીરિક ક્રિયાઓ પાછી નૈસર્ગિક અવસ્થામાં આવી જવી, અને આમ પ્રગતિની દિશામાં લઈ જતા હરેક પ્રકારના સુધારા એ બધું પેલી રૂપાંતર વિધાયક શક્તિની ક્રિયાનું જ પરિણામ છે. આગળ જતાં, તમારા જીવનમાં જ્યારે ચેતનાનો વિકાસ થાય છે ત્યારે આ લડાઈ વધારે સભાન રીતનું સ્વરૂપ લે છે. આ બે વિરોધી શક્તિઓ વચ્ચે જીવસટોસટની હરિફાઈ શરૂ થઈ જાય છે. આ બેમાં કઈ શક્તિ, રૂપાંતરની શકિત કે મૃત્યુની શક્તિ, શરતને છેડે પહેલી પહોંચી જાય છે અને પોતાનું ધ્યેય સર કરી લે છે તેની તીવ્ર સ્પર્ધા જામે છે. અને આ એક અખંડ જહેમતનું કામ બની રહે છે. તમારે પુનર્જીવનની શક્તિને નીચે લઈ આવવા માટે, એ શક્તિને તમારા શરીરના કોષોમાં ધારણ કરવાની શક્તિમાં વૃદ્ધિ કરવા માટે એક સતત એકાગ્રતા સાધવાની રહે છે. વિનાશ અને વિસર્જનનાં બળોની મહા વિનાશક ક્રિયાની સામે તમારે કદમે કદમે, એક એક બિંદુ પર લડાઈ આપવાની રહે છે. વળી, આ ઊર્ધ્વની ગતિ માટે તૈયાર હોય તેવી સર્વ વસ્તુઓને તમારે આ વિનાશક શક્તિની પકડમાંથી મુક્ત કરી લેવાની રહે છે. એ બધાની અંદર તમારે પ્રકાશ મૂકવાનો રહે છે, તેમને વિશુદ્ધ અને સુદૃઢ કરવાની રહે છે. આમ આ એક અંધારામાં ખેલાઈ રહેલો મહા જિદ્દી સંગ્રામ છે. ઘણી વાર તો એનું કોઈ જ પરિણામ દેખીતી રીતે નજરમાં આવતું નથી. તમને થોડોઘણો વિજય મળ્યો હોય તોપણ તેનું કોઈ બાહ્ય ચિહ્ન જોવામાં આવતું નથી, વિજય થવાનો જ છે એવી કશી ખાતરી વરતાતી નથી. કેમ કે આ આખીયે વસ્તુ તમારે ફરી ફરીને કર્યે જવાની રહે છે. તમે એક સ્થળે એક કદમ આગળ વધો છો તો બીજે સ્થળે તમારે માટે કોઈ પીછેહઠ ઊભેલી જ હોય છે. આજનું કરેલું કામ આવતી કાલે હતું ન હતું થઈ જાય છે. અર્થાત્, આપણને આખરી વિજય મળી ચૂકયો છે, પાકો અને હમેશને માટે, એમ તો જ્યારે આખો યે સંગ્રામ પૂરેપૂરો જિતાઈ જાય ત્યારે જ કહી શકાય તેમ છે. અને આ બધું જતાં સમય લાગે છે, ઘણો સમય લાગે છે. વરસ પર વરસ, એક પછી એક, અવિરામ, વહ્યાં જ જાય છે અને સાથે સાથે વિરોધી શક્તિઓનું બળ પણ વધ્યે જાય છે.

આ આખી યે લડાઈ દરમિયાન ચેતના, ખાઈમાં ઊભેલા પહેરેગીરની માફક ખડે પગે ઊભી રહે છે. તમારે મોરચા પર ગમે તે ભોગે અચલ અને અડગ ટકી

રહેવાનું છે. એક પણ રૂંવું ફરકવા દીધા વિના, નિર્ભયપણે, ક્ષણ પણ અસાવધ થયા વિના તમારે ઝૂઝયે જવાનું છે. તમારા ધ્યેયમાંથી તમારી શ્રદ્ધા લેશ પણ ચલિત થવા દેવાની નથી. ઊર્ધ્વમાંથી આવી તમને પ્રેરતી અને ટકાવતી સહાયમાં અવિચલ વિશ્વાસ રાખવાનો છે. લડાઈમાં જે વધુમાં વધુ સમય ટક્કર ઝીલી શકે છે તેને જ વિજય વરે છે.

મૃત્યુના ભયને જીતવાનો આ ઉપરાંત એક બીજો માર્ગ પણ છે. પરંતુ એ માર્ગ બહુ ઓછા માણસોને સુલભ હોઈ અહીં તેનો ઉલ્લેખ માત્ર એક માહિતી રૂપે કરી લઈએ છીએ. એમાં તમે જીવનમાં હો તે દરમિયાન જ સભાન રીતે અને સજ્ઞાન રીતે મૃત્યુના પ્રદેશમાં દાખલ થાઓ છો અને ત્યાં જઈ આવીને પાછા સ્થૂલ શરીરમાં પાછા ફરો છો, અને શરીરમાં આવી જાઓ છો અને પૂરી સમજપૂર્વક સ્થૂલ જીવનમાં ગતિ કરવા લાગો છો. પરંતુ આ કાર્ય આદરવા માટે તો માણસે દીક્ષા મેળવવાની રહે છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨ પેજ ૧૦૨ થી ૧૧૦)

'મૃત્યુની કામના કદાપિ કરો નહિ.
મૃત્યુનો ડર પણ ના રાખો'

ભગવાનનો તેમજ પાપનો ડર

આવા ડરની અગત્ય ખાસ કરીને તો નીતિના પ્રદેશમાં જ રહે છે કે જ્યારે આત્મા હજી એટલો વિકાસ ના પામ્યો હોય કે જ્યારે તે શુભ કર્મોની પોતાની જ અગત્ય સમજીને તેમને અનુસરી શકે અને તેને પોતાની ઉપર કોઈ એવી સત્તાની જરૂરિયાત જણાતી હોય કે જેના કોપ અથવા કડક, નિષ્પક્ષ ચુકાદાનો તેને ડર રહેતો હોય, તથા તે ડરને લીધે જ તે સદાચારને વળગી રહી શકે તેમ હોય. આપણે જ્યારે આધ્યાત્મિકતામાં આવી જઈએ છીએ ત્યારે આવા હેતુનું સ્થાન ચાલ્યું જાય છે (સિવાય કે મનમાં કોઈક ગૂંચ રહી ગઈ હોય, જૂની માનસિકતા હજી હઠતી ના હોય), વળી યોગમાં રહેલું નૈતિક લક્ષ્ય સદાચારના બાહ્ય ખ્યાલના કરતાં જુદી જ જાતનું છે. સામાન્ય રીતે નીતિશાસ્ત્રને સદાચાર માટેની એક જાતની યંત્ર-ગતિ ગણવામાં આવે છે, તેમાં કર્મ એ જ એકમાત્ર અગત્યની વસ્તુ હોય છે અને યોગ્ય કર્મ કેવી રીતે કરવું એ જ એકમાત્ર પ્રશ્ન અને ચિંતાનો વિષય હોય છે. પણ યોગીને માટે કર્મની અગત્ય એને પોતાને ખતર એટલી બધી નથી હોતી, પણ તેનાથી આત્મા પ્રભુ પ્રત્યે કેટલો વિકાસ પામી શકે છે તેની ઉપર હોય છે. એટલે જ ભારતના આધ્યાત્મિક ગ્રંથોમાં કરવાનું કામ કઈ જાતનું છે તેની ઉપર નહિ પણ તે જેના વડે થઈ આવતું હોય તે આત્માની કક્ષા ઉપર, તે આત્માની સત્યતા, તેની નીડરતા, શુદ્ધિ, પ્રેમ, કરુણા, શુભેચ્છા, અશુભ કરવાની અનિચ્છા વગેરેની ઉપર જ ખરો ભાર મૂકવામાં આવ્યો છે, અને કર્મને તો તેમના પરિણામરૂપ અગત્યનાં ગણવામાં આવે છે. જૂનો પ્રાશ્ચાત્ય ખ્યાલ કે માનવપ્રકૃતિ પોતે તો મૂળથી જ ખરાબ છે અને આપણી પ્રકૃતિ પતિત હોવા છતાં સદાચાર - કે જે એ પતિત પ્રકૃતિથી ઊલટી જ વસ્તુ છે - તેનું અનુશીલન આપણે કરતા રહેવાનું છે એવો ખ્યાલ ભારતીય મનોવૃત્તિને તદ્દન પરાયો લાગે છે. કારણકે તે પ્રાચીન કાળથી યોગીઓના ખ્યાલ વડે ઘડાએલી છે. આપણી પ્રકૃતિમાં કામનાભર્યો રજોગુણ તથા અધોમુખી તમોગુણ છે તો તેની સાથે સાથે સાત્ત્વિકતાનું શુદ્ધતર તત્ત્વ પણ છે જ; અને પ્રકૃતિના આ ઉત્તમ ભાગને પ્રોત્સાહન આપવું એ જ નૈતિકતાનું કર્તવ્ય છે. તેમ કરવાથી આપણામાં રહેલી દૈવી પ્રકૃતિને આપણે વિકસાવીએ છીએ અને આસુરી અને રાક્ષસી તત્ત્વોથી મુક્ત બનીએ છીએ. એટલે આ ખ્યાલ પ્રમાણે નૈતિક વિકાસનું લક્ષ્ય પેલો, યહુદી ખ્યાલવાળો, ભગવાનથી ડરી ચાલનાર માણસનો સદાચાર નહિ પણ પ્રભુપ્રેમી

સંતની પવિત્રતા, પ્રેમ, શુભ વૃત્તિ, સત્ય-પરાયણતા, નીડરતા, અહિંસાવૃત્તિ વગેરે છે. અને વધારે વિશાળ દૃષ્ટિથી જોતાં દૈવી પ્રકૃતિમાં વિકસવું એ નીતિ-પરાયણતાની પરાકાષ્ઠા છે. આને માટે સર્વોત્તમ ઉપાય એ છે કે પ્રભુનો આપણા ઊર્ધ્વ સ્વરૂપ તરીકે, આપણને દોરતી અને ઊર્ધ્વ માર્ગે લઈ જતી પરમ તપ :- શકિત તરીકે અથવા આપણા પ્રેમપાત્ર અને સેવ્ય સ્વામી તરીકે સાક્ષાત્કાર કરવો. તેની બીક નહિ પણ તેને માટેનો પ્રેમ અને તેની સત્તામાં રહેલ મુક્તિ અને સનાતન શુદ્ધિ માટેની અભીપ્સા એ જ સાચો હેતુ બની રહેવો જોઈએ.

❁

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે અત્યારે તને તારાં કર્મનાં પરિણામો પ્રત્યે ઘૃણા થાય છે, તારાં કર્મોનાં મળે છે તેનાથી જુદાં જ પ્રકારનાં ફળોની તું કામના કરી રહ્યો છે, અને તને એ મનફાવતું ફળ મળતું નથી તેથી તું જીવનના સત્ય માર્ગથી દૂર જવાની ઇચ્છા કરી રહ્યો છે. પરંતુ આ કર્મોનો અને તેમનાં પરિણામોનો વિચાર કરવો, ઇચ્છાઓ અને કામનાને તૃપ્ત કરવાના હેતુથી જ કર્મ કરવાં, ફળની કામનાથી પ્રેરાઈને કર્મ કરવાં, એ બધું અજ્ઞાનનું બંધન છે. કારણ કે કર્મ શું છે તે અર્જુન જાણતો નથી, કર્મના આદિ મૂળની એને ખબર નથી, કર્મોની સાચી પ્રક્રિયા પણ તે જાણતો નથી, તેમની ઉચ્ચ પ્રકારની ઉપયોગિતાની પણ એને ખબર નથી. ''મારો યોગ તને સર્વ કર્મોનાં બંધનમાંથી છોડાવશે'' - कर्मबंधं प्रहास्यसि । શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે, તું અત્યારે ઘણી વસ્તુઓથી ભય પામી રહ્યો છે, - તને પાપનો ભય છે, થનાર દુ:ખનો ડર છે, ઈશ્વરનો અને આ જગતનો તને ભય છે, આ લોકનો અને પરલોકનો તને ભય છે. તને તારો પોતાનો ભય લાગે છે. આર્ય યોદ્ધા, જગતની આશાના કિરણ જેવા તને અત્યારે શેનો ભય નથી ? પણ એ ભય એકલા અર્જુનને જ લાગે છે એવું નથી. એ સર્વ પ્રકારના ભય માનવજાતિને પણ ચારે બાજુથી ઘેરી રહેલા છે, આ લોકમાં અને પરલોકમાં માનવજાતિને પાપ અને દુ:ખનો ભય છે, આ જગતના સાચા સ્વરૂપનું અજ્ઞાન હોવાથી એને જગતનો ભય લાગે છે, ઈશ્વરના સત્ય સ્વરૂપનું દર્શન એને થયું નથી એટલે એનો પણ એને ડર લાગે છે, આ જગતમાં ઈશ્વરનો હેતુ રહેલો છે તેને તે જાણતો નથી એટલે જગતથી પણ તે ડરે છે. એ ભયમાંથી શ્રીકૃષ્ણ કહે છે કે મારો યોગ તને મુક્ત કરશે, એનું સ્વલ્પ અનુસરણ પણ મહાભયથી તને તારી લેશે. એક વાર એ માર્ગે તું યાત્રાનો આરંભ કરશે એટલે તને જણાશે કે એક પણ પગલું નિરર્થક જતું નથી, પ્રત્યેક પગલે પ્રગતિ જ થશે. અને તને એ પણ જણાશે કે આ યોગની સાધનામાં આવનાર કોઈ પણ અંતરાય તારી પ્રગતિને

અટકાવી શકે નહીં. આ વચનો તો અસાધારણ હિંમતભર્યાં, અડગ અને કેવળ નિશ્ચયવાળી ખાતરી આપનારાં વચનો કહેવાય ! માનવનું સર્વ પ્રકારના ભયથી ત્રાસેલું – ભયભીત અને શંકાશીલ મન, પોતાના માર્ગમાં આવી રહેલી બાધાઓને જોઈને તથા પડતું અને આખડતું એ માર્ગે ચાલવાનો પ્રયાસ કરતાં શ્રીકૃષ્ણનાં એ વચનો પર ખાતરીભર્યો સંપૂર્ણ વિશ્વાસ મૂકવાની હિંમત ન કરે તો એમાં આશ્ચર્ય નથી. પરંતુ આરંભમાં આપેલા એ વચન સાથે ગીતાના અંતમાં કહેલા શબ્દો પણ વિચારીશું ત્યારે એ વચનમાં જે વિશાળ અને સંપૂર્ણ સત્ય રહેલું છે તે આપણે સમજી શકીશું. છેવટના ભાગમાં શ્રીકૃષ્ણ કહે છે. : ''સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને તું મારા એકલાને શરણ આવ; હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક મા કર.'' ૧

માનવને સંબોધાયેલા એ ગંભીર અને હૃદયને હલાવી નાખે એવા પ્રભુના સંદેશાની સાથે ગીતા પોતાના નિરૂપણનો આરંભ કરતી નથી, સંદેશ તો માનવના અંતરના આત્મા માટે બંધબેસતો છે. પરંતુ ગીતા આરંભ કરે છે આરંભના આવશયક પોતાના પ્રકાશનાં થોડાં કિરણોથી. ગીતા શરૂઆતમાં જે સંદેશ આપે છે તે માનવની બુદ્ધિને માટેનો છે. એટલે આપણને શરૂઆતમાં એમ લાગે છે કે જાણે માનવઆત્માનો સખા અને પ્રિયજન નહિ, પરંતુ તેનો નેતા અને ગુરુ બોલે છે. આત્માના સત્ય સ્વરૂપનું, જગતના સાચા સ્વરૂપનું તથા પોતાના કર્મના મૂળનું જે અજ્ઞાન શિષ્યમાં રહેલું છે તેને દૂર કરવા માટે એ નેતા અને ગુરુ તેને આરંભમાં બોધ આપે છે. માણસ અજ્ઞાનમાંથી કર્મ કરે છે, તે ખોટી – અજ્ઞાનભરી – બુદ્ધિ, અને પરિણામે ખોટી સંકલ્પશક્તિ વડે કર્મમાં પ્રેરાય છે અને તેથી પોતાના કર્મ વડે બંધાય છે, અથવા તો બંધાયેલો હોય એમ દેખાય છે. પરંતુ મુક્ત આત્માને કર્મો કદી પણ બંધનકર્તા થઈ શકતાં નથી. બુદ્ધિ ભ્રમવાળી એટલે કે અજ્ઞાની હોય છે તેથી ભય અને તૃષ્ણા, ક્રોધ અને શોક તથા ક્ષણિક આનંદ વગેરે ઊપજે છે. પરંતુ બુદ્ધિ એવી અજ્ઞાનભરેલી ન હોય તો સંપૂર્ણ મુક્તિ અને સ્થિર આનંદ સહિત કર્મો કરવા શક્ય છે.

શ્રી અરવિન્દ

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ-૨ પૃષ્ઠ ૨૫ થી ૨૭ ને ગીતાનિબંધો પૃષ્ઠ ૧૧૦-૧૨)

---

૧ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच : ।। (१८-६६)

ઉપસંહાર

સૌ પ્રથમ જે વસ્તુથી તમારે તમારી જાતને હંમેશને માટે મુક્ત કરવાની છે, એ છે ડર.

ખરાબમાં ખરાબ રોગ કરતાં પણ ડર વધુ ખરાબ છે.

❀

ભય પામવા જેવું કશું જ હોતું નથી – સર્વ કંઈ ઈશ્વર જ છે. – ઈશ્વર સિવાય બીજું કંઈ છે જ નહિ. અને જે કંઈ આપણને ડરાવવાનો પ્રયત્ન કરે છે એ સર્વ તો ઈશ્વરનો નાદાન તેમ જ અર્થહીન એવો છદ્મવેષ છે. જે ઈશ્વરનો બની ચૂક્યો છે એને શેનો ડર હોઈ શકે ? ઈશ્વર એને માટે જે પણ માર્ગ નિશ્ચિત કરી આપે, જે કંઈ માર્ગ, ભલેને એ માર્ગ પછી એની મર્યાદિત બુદ્ધિ માટે પૂર્ણતયા અગમ્ય કેમ ન હોય ! એ તો પોતાના તેજસ્વી ભાલ સહિત, આત્માનો વિસ્તાર સાધી એ માર્ગે શું ચાલી નહિ શકે ?

❀

સર્વ પ્રકારના ભય પર કાબૂ પ્રાપ્ત કરી, એ ભયને સ્થાને ઈશ્વરકૃપામાંના સંપૂર્ણ વિશ્વાસનું સ્થાપન કરવું જોઈએ.

❀

ઈશ્વર તમારી સાથે જ છે એવા ભાવ સહિત હરેક સંજોગોનો સામનો કરો, ઈશ્વર પ્રતિ સંપૂર્ણ સમર્પણભાવ કેળવો. તમારું સમગ્ર સ્વરૂપ આ પ્રકારના સંકલ્પમાં એકરૂપ કરી દો તો પછી તમે જીવનમાં આગળ વધી શકશો અને કોઈ પણ પરિસ્થિતિ કે વસ્તુનો તમે સામનો કરી શકશો.

❀

ક્ષેત્ર ગમે તે હો, ગમે તેવું જોખમ હો, આપણું વલણ એકસરખું જ રહેવું જોઈએ – સ્વસ્થ અને નિશ્ચિંત.

શ્રી માતાજી

(CWM-Vol-14, P-260, 260, 259, 259, Vol-7, P-31, Vol-14, P-181)

વૃત્ત વિશેષ

ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું ૩૭મું વાર્ષિક સંમેલન તા. ૨૫ ને ૨૬ ડિસેમ્બર, ૨૦૦૮ દરમિયાન સૂરત મુકામે યોજાયું હતું. સંમેલનની સાથે સાથે 'શ્રી અરવિન્દ સૂરત આગમન શતાબ્દી ઉત્સવ' ની ઉજવણીના સમાપન કાર્યક્રમોનું આયોજન પણ સૂરત કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૫ ડિસેમ્બરના રોજ પ્રથમ સભા શ્રી અરવિન્દ સોસાયટીના ચેરમેન શ્રી પ્રદીપ નારંગના પ્રમુખ પદે સવારે ૧૧-૦૦ વાગ્યે શરૂ થઈ. આશ્રમ સંગીત સાથે ધ્યાન દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ. શ્રી શરદભાઇ જોષી, (સેક્રેટરી, સ્ટેટ કમિટી) ના સ્વાગત સંબોધન બાદ, શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત તથા સ્ટેટ કમિટીના ચેરમેન શ્રી હંસકુમાર માંકડના ટૂંકાં સંબોધનો થયાં. શ્રી પ્રદીપભાઈ નારંગે સભાનું મુખ્ય વક્તવ્ય રજૂ કર્યું તથા રાજસ્થાન સ્ટેટ કમિટીના ચેરમેન શ્રી આમોદકુમારે પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કર્યું. શ્રી પરાશરભાઈ દ્વિવેદીએ વર્ષ દરમિયાન ગુજરાતમાં થયેલા કાર્યનો અહેવાલ રજૂ કર્યો. બપોરની બેઠકમાં કેન્દ્રોના પ્રતિનિધિઓએ પોતપોતાના કેન્દ્રોમાં થયેલી કામગીરીનો ઉલ્લેખ કરી ભવિષ્યમાં કરવાના કાર્ય અંગે સૂચનો રજૂ કર્યાં.

સાંજની બેઠકમાં અતિથિવિશેષ તરીકે સૂરતના ખ્યાતનામ કવિ અને સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્મા હાજર રહ્યા હતા. શ્રી પ્રદીપભાઈ નારંગે શ્રી અરવિન્દ દર્શનની વિશિષ્ટતાઓની છણાવટ કરતું હૃદયસ્પર્શી સંબોધન કર્યું અને શ્રી ભગવતીકુમાર શર્માએ શ્રી અરવિન્દના પ્રદાન વિશે વિદ્વત્તાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. વક્તવ્યો બાદ 'સૂરતમાં શ્રી અરવિન્દ' વિષયક, સત્ય ઘટના વર્ણનનો મોટા પડદા પર દ્રશ્ય-શ્રાવ્યનો સુંદર કાર્યક્રમ સુરત કેન્દ્ર દ્વારા રજૂ થયો. આ પ્રસંગે સૂરત કેન્દ્ર દ્વારા પ્રકાશિત 'સૂરતમાં શ્રી અરવિન્દ' (ગુજરાતી ભાષામાં) પુસ્તકનો વિમોચન વિધિ શ્રી ભગવતીકુમાર શર્માના હસ્તે સંપન્ન થયો.

બીજા દિવસની બેઠકની શરૂઆત આશ્રમ સંગીત સાથે ધ્યાન, તથા શ્રી અરવિન્દોપનિષદ્‌ના સમૂહ પાઠ સાથે કરવામાં આવી. ત્યારબાદ, યુવા કાર્યકરો શ્રી નીલકંઠ જોષી, શ્રી હર્ષદ ઠકરાર, શ્રી યોગેશ થાનકી, ડૉ. હિરણમયી સ્માર્ત, કુ. હેતલ કામદાર ને શ્રી નરેન્દ્ર પટેલે, અનુક્રમે શૌર્ય, શિસ્ત, સહનશીલતા, શ્રદ્ધા અને વિશ્વાસ, અભીપ્સા અને ધૈર્ય ગુણો વિશે ૭ થી ૧૦ મિનિટના ટૂંકા

વક્તવ્યો રજૂ કર્યાં. શ્રી શરદભાઇ જોષીએ શ્રી અરવિન્દ દર્શનના પ્રસાર માટે ગુજરાતમાં થયેલા કાર્યની વિગતો રજૂ કરી અને શ્રી પ્રદીપભાઇ નારંગે, દૈનિક જીવનમાં, દરેક ક્ષેત્રમાં કરવાના કાર્યમાં શ્રી માતાજીએ જે માર્ગદર્શન આપ્યું છે તેની રોચક રજૂઆત કરી.

બપોરની બેઠકમાં શ્રી પરાશર ભાઇ દ્વિવેદીએ વર્ષ ૨૦૧૦માં શ્રી અરવિન્દ સોસાયટીની સુવર્ણજયંતી પ્રસંગે કરવાના કાર્ય વિશે સભ્યોને સંબોધન કર્યું તથા શ્રી કિરીટભાઇ ઠક્કરે 'આપણું ધ્યેય' વિષય પર ગહન ચિંતન રજૂ કર્યું. ત્યારબાદ સૂરતની શાળાના નાના વિદ્યાર્થીઓએ દુર્ગા સ્તોત્રનું પઠન કર્યુ. અને તેમને ઈનામો આપવામાં આવ્યા.

રાત્રે પતિયાલા ઘરાનાના શ્રી શાંતનું ભટ્ટાચાર્ય જેઓ આકાશવાણીના 'એ' ગ્રેડના ગાયક છે, તેમજ શ્રીમતી દુર્વા ભટ્ટાચાર્ય અને તેઓની ૭ વર્ષની દીકરી કુ. મિત્રા ભટ્ટાચાર્યે શાસ્ત્રીય કંઠ્ય સંગીત રજૂ કરી શ્રોતાઓને રસતરબોળ કરી દીધા. તબલા સંગત જયપુરના શ્રી મલ્લાર મુખરજીએ આપી હતી.

સમગ્ર ગુજરાતમાંથી પ્રતિનિધિઓએ સારી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમોમાં શ્રી માતાજીની સંનિધિનો અનુભવ કર્યો. સૂરત કેન્દ્રના સ્થાપક સભ્ય, શ્રી અનિરુદ્ધભાઇ, તથા શ્રી કેવલ્યભાઇએ, કાર્યક્રમોમાં હાજર રહેવા બદલ સૌનો આભાર માની સૂરત કેન્દ્રને યજમાનગીરીનો લાભ મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો.

નવું પ્રકાશન : જય મા (શ્રીમાની સેવામાં) - પશુપતિ દ્વારા લિખિત અંગ્રેજી પુસ્તક 'On the Mother Divine' ના એક પ્રકરણનો મુક્ત ભાવાનુવાદ. ભાવાનુવાદકર્તા : શ્રી મનુભાઇ જે. દેસાઇ 'માધવ', પાલી હિલ-૩, વલસાડ - ૩૯૬ ૦૦૧. પ્રકાશક : શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ, અમદાવાદ. ૧/૩૨ ક્રાઉન સાઈઝના ૩૦ પેજની આ નાની પુસ્તિકા શ્રી માતાજીનું સાચું કરણ બનાવાની પ્રક્રિયાનું સચોટ દર્શન કરાવે છે. કિંમત રૂા. ૧૦/- પ્રાપ્તિ માટે શ્રી મનુભાઇ દેસાઈનો સંપર્ક કરો. ફોન - ૨૪૩૮૩૯ (૦૨૬૩૨).

સાભાર સ્વીકાર : મિલન - સુવર્ણ જયંતી વિશેષાંક - સુન્દરમ્ શતાબ્દી વંદના. સંસ્કારમિલન (વલસાડ) ની સુવર્ણજયંતી નિમિત્તે એમના અનિયતકાલીન

મુખપત્ર ‘મિલન’ નો વિશેષાંક. પ્રકાશક : અમૃત દેસાઈ, ‘અનુપમ’, એ/૫, યોગીરાજ પાર્ક, તીથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧. ફોન-(૦૨૬૩૨) ૨૪૧૨૯૩. સુન્દરમ્‌ને શતાબ્દીવંદના રૂપ અર્પણ આ પુસ્તકમાં સુન્દરમ્ વિશે લખાયેલાં લખાણોનું સંકલન કરવામાં આવ્યું છે. પૃષ્ઠ સંખ્યા-૨૦૦ - કિંમત રૂા. ૧૬૦. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

❀

વિજ્ઞપ્તિ : ભક્તકવિ શ્રી પૂજાલાલજીના સમર્પિત જીવનની પ્રમાણભૂત વિગતોને સમાવતું એક પુસ્તક તૈયાર કરવાની યોજના વિચારવામાં આવી છે. શ્રી પૂજાલાલજીનું આશ્રમ જીવન, એમની સાધના, સાહિત્ય સર્જન, મુમુક્ષુઓને તેઓશ્રીએ આપેલું માર્ગદર્શન, વગેરે વિષયો પર એક જ કલમ દ્વારા સળંગપ્રવાહ રૂપ લખાણ કરવામાં આવશે. પુસ્તકમાં બે પ્રકરણો (૧) પત્રજ્યોતિ અને (૨) સંસ્મરણો અનુભવોમાં સૌ કોઈના અનુભવો તથા શ્રી પૂજાલાલે લખેલા પત્રોની વિગતો સમાવવાની હોઈ સૌને આ સાથે વિનંતિ કરવામાં આવે છે કે પોતપોતાના સંસ્મરણો/અનુભવો સુવાચ્ય અક્ષરે લખી તથા શ્રી પૂજાલાલના પત્રોની ઝેરોક્ષ નકલ શ્રીનીલકંઠ જોષી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧ ને મોકલી આપે. શ્રી પૂજાલાલના જે પત્રો ‘પરમસાંનિધ્ય’ (પુસ્તકમાં) પ્રકટ થયા છે તે મોકલવાની જરૂર નથી. સૌના સહકારની અપેક્ષા છે.

❀

શ્રી અરવિન્દ સોસાયટીના સભ્યપદના જે વિવિધ પ્રકારો છે તેમાંથી ‘મેગેઝીન સિવાયનું સભ્યપદ’ પ્રકાર તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યો છે. સોસાયટીનાં કેન્દ્રોને સૂચના આપવામાં આવે છે કે હવે પછી જે સભ્યપદ નોંધણી કરવામાં આવે તે મેગેઝીન સહિતના સભ્યપદની જ રહેશે.

❀

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

મારાં બાળકોને ભય હોઈ શકે જ નહિ.

શ્રી માતાજી

થોડામાં ઘણું

એક સવારે મૃત્યુના દેવ એક શહેરમાં પ્રવેશી રહયા હતા. શહેરના પહેરેગીરે તેમને જોતાં પૂછયું કે 'આપ શું કરવા આ શહેરમાં પધાર્યા છો ?'

મૃત્યુના દેવતાએ જવાબ આપ્યો 'હું શહેરમાંથી એક સો (૧૦૦) માણસોને લેવા આવ્યો છું.' પહેરેગીર બોલી ઊઠ્યો 'ઓ બાપ, આ તો ઘણું ખરાબ થશે.' મૃત્યુના દેવે જણાવ્યું 'આ મારું કાર્ય છે, એ મારું નિયત કર્મ છે. પરિસ્થિતિ આ મુજબ જ રહેવાની' પહેરેગીરે શહેરમાં જેટલા માણસોનો સંપર્ક કરી શકાય એટલા માણસોને ખબર આપી દીધી કે મૃત્યુના દેવ આજે આપણા શહેરમાં એક સો(૧૦૦) માણસોને લેવા આવ્યા છે. અને તે દિવસને અંતે શહેરમાં એક હજાર મનુષ્યો મૃત્યુ પામ્યા.

સાંજે મૃત્યુના દેવ પાછા ફરતા હતા ત્યારે પહેરેગીરે પૂછયું 'તમે તો એક સો માણસોને લઈ જવા આવ્યા હતા, અને આમ એક હજાર માણસોને કેમ લઈ જાઓ છો ?' મૃત્યુના દેવે જણાવ્યું : 'મેં તો નિર્મિત થયેલા એક સો(૧૦૦) માણસોને જ લીધા હતા, બાકીના નવ સો (૯૦૦) ચિંતા અને ડરના માર્યા મૃત્યુ પામ્યા છે !'

(લેખક 'અજ્ઞાત')

(અંક ૦૫ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છૂટક અંક : રૂા. ૧૦
Regd. No. VDR-E/104/2006-2008

આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.

– શ્રી અરવિન્દ

*

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૦-૦૦**
વાર્ષિક લવાજમ* ભારતમાં **રૂા. ૧૦૦*** આજીવન **રૂા. ૧૦૦૦**
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન **ડોલર ૨૦** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૦**
*સોસાયટીના સભ્યપદ સહિત રૂા. ૧૨૫

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

શ્રી હંસકુમાર બી. માંકડ, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

*

ગીતા નિબંધો આ મેટર ફેબ્રુઆરીમાં લેવું.

એવી પ્રજાકીય સ્વાર્થોની બાંધછોડની કોઈ યોજના અમલમાં આવે તો યુદ્ધનાં સૌથી ખરાબ સ્વરૂપો વારેવારે પ્રગટ ન થાય, અથવા તો ઓછામાં ઓછાં પ્રગટે, એટલી જ સંભાવના આપણે સાધી શક્યા છીએ. અને વિશ્વશાંતિની સ્થાપના પ્રત્યે એ નાનું સરખું પગલું ભરવા માટે, પોતાની પ્રકૃતિના અત્યારના બંધારણને લઈને, માનવજાતિને ઇતિહાસમાં અદ્વિતીય એવા ઘોર વિનાશકારી, રાક્ષસી યુદ્ધનો પ્રયોગ કરવાની ફરજ પડી છે. જગદ્વ્યાપી એક યુદ્ધ, પ્રજા-પ્રજાઓ વચ્ચે વેરઝેરથી ઊભરાતું યુદ્ધ, એ આધુનિક માનવે શોધી કાઢેલો વિશ્વશાંતિનું સ્થાપન કરવા માટેનો સીધેસીધો માર્ગ અને વિજયી ઉપાય છે ! માનવના રાષ્ટ્રીય સ્વાર્થોની બાંધછોડ કરનાર યોજનાનું બંધારણ પણ શેના ઉપર રચાયેલું છે ? માનવની પ્રકૃતિમાઃ થયેલા કોઇ સમૂળા આંતર પરિવર્તન ઉપર નહિ, પરંતુ એની બુદ્ધિના વિચારો, આર્થિક સગવડો, લડાઈમાં જીવનના પ્રચંડ વિનાશ થવાને પરિણામે જાગેલી પ્રાણની અને લાગણીઓની ઘૃણા ઉપર લડાઈની ભયંકરતાઓ, અને અગવડોના અનુભવ ઉપર, રાજકીય પક્ષોની પરસ્પર બાંધછોડ ઉપર એની સ્થાપના કરવામાં આવી છે. આમ હોવાથી એનો પાયો અતિ દૃઢ છે તથા એનું આયુષ્ય ઘણું લાંબું છે એવી ખાતરી આપણને પડતી નથી. એક દિવસ આવશે, આપણે એમ એમ પણ કહીશું કે એવો દિવસ નક્કી આવવો જોઇએ જ્યારે માનવ આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક દૃષ્ટિએ વિશ્વશાંતિને માટે લાયક થશે; પરંતુ તે સમય આવે ત્યાં સુધી તો સંગ્રામનું તત્ત્વ અને યોદ્ધા તરીકે માનવની પ્રકૃતિનો અને તેના ધર્મનો આપણે સ્વીકાર કરવાનો છે, અને વ્યવહારુ મીમાંસા અને ધર્મ વડે તેની સમજૂતી આપવાની છે. દૂરના ભાવિમાં જીવન કેવું થવાનું છે કે થશે તે નહિ, પરંતુ અત્યારે તે જેવું છે તેવું જીવન ગીતા સ્વીકારે છે, અને પ્રશ્ન કરે છે : માનવની સામાન્ય પ્રવૃત્તિના જ એક અંશ રૂપ આ કીર્યનો અર્થાત્ યોદ્ધાના ધર્મનો આધ્યાત્મિક જીવન સાથે મેળ કેવી રીતે મેળવી શકાય તેમ છે ?

(ક્રમશઃ)

શ્રી અરવિન્દ

(ગીતાનિબંધો પૃષ્ઠ થી)